

ભગવાન આત્મામાં અને સિદ્ધ આત્મામાં કાંઈ ફેર નથી—એમ ફેર કાઢી નાખ! એટલે સિદ્ધ થયા વિના રહીશ નહીં—એ તારા મોક્ષનું સાધન છે, બીજું કોઈ સાધન છે નહિ.

—પૂ. ગુરુદેવ

કહાન સંવત-૭ * (૫૧૮) * આત્મધર્મ * (અંક-૬ વર્ષ-૪૩) * વીર સં. ૨૫૧૩ ડીસેમ્બર, ૧૯૮૬

# 卐 તીવ્ર રુચિ ને સૂક્ષ્મ ઉપયોગ કર 卐

卐

પોતાની જિજ્ઞાસા જ માર્ગ કરે છે. શાસ્ત્રો સાધન છે, પણ માર્ગ તો પોતાથી જ જણાય છે. પોતાની ઊંડી તીવ્ર રુચિ અને સૂક્ષ્મ ઉપયોગથી માર્ગ જણાય છે. કારણ આપવું જોઈએ. ૨૭૦.

[ 'બહેનશ્રીનાં વચનામૃત ' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

સ્વરૂપ વિષેની ઉત્કંઠા જ માર્ગ કરી દે છે. રુચિ અનુયાયી વીર્ય. જેને પોતાના સ્વરૂપની રુચિ છે તેને, વીર્ય રુચિને અનુરૂપ થઈને, માર્ગ નીકળી આવે છે. અહા ! અનંત કાળમાં જ્ઞાનઘનરૂપ અપૂર્વ વસ્તુની ક્યારેય પ્રાપ્તિ થઈ નથી; એ ચીજ કેવી હશે ? અનંત વાર સ્વર્ગનો ભવ મળ્યો, અનંત વાર મોટો રાજા કે શેઠિયો થયો, અરે ! અનંત વાર શુક્લ લેશ્યાધારક મહાવ્રતી મુનિ પણ થયો—મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયો, પણ નિજ આત્માના ભાન વિના સુખ લેશ ન પાયો; અંદર વ્રતાદિના શુભ રાગથી પણ રહિત જે નિજ જ્ઞાયકસ્વભાવ તેનો મહિમા તથા તેની રુચિ પ્રગટ કરી નહિ. બહારની ક્રિયા અને શુભ રાગમાં જ ધર્મ ને ધર્મનું સાધન માનીને અટકી ગયો, તેથી તેને આત્માનો આનંદ ન આવ્યો. સમ્યગ્દૃષ્ટિને પણ શુભ રાગ આવે છે પણ તે તેને દુઃખરૂપ લાગે છે. રાગ રહિત અંતર જ્ઞાયકસ્વરૂપની ભાવના, જિજ્ઞાસા હોય તો તેને અંદરથી માર્ગ સૂઝી જ આવે છે.

શાસ્ત્ર તો નિમિત્ત છે. શાસ્ત્ર તો દિશા દેખાડી અળગા રહે, પણ ચાલવું તો પોતાને પડે ને ? પ્રભુ ! તને તારી મહત્તાનો પત્તો નથી. અરે ! આઠ-આઠ વર્ષનાં બાળકો આત્માનુભવ પામીને કેવળજ્ઞાન પામે છે. બાળક, યુવાન વગેરે તો દેહની સ્થિતિ છે. ખરેખર તો, રાગને પોતાનો ને લાભકર માનવો તે બાળદશા—અજ્ઞાનદશા છે, રાગથી ભિન્ન અંદર જ્ઞાયક આત્માનું ભાન ને સ્વાનુભૂતિ થાય તે યુવાનદશા છે અને અંતર સ્વભાવનો ઉગ્ર આશ્રય લઈને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવું તે વૃદ્ધદશા છે;—એ ત્રણે દશા અંતરની સ્થિતિમાં છે. સમજમાં આવે છે કાંઈ ?

જીવે વ્રત, ઉપવાસ, ચોવિહાર વગેરે અનંત વાર કર્યાં, શુક્લલેશ્યાના ઊંચામાં ઊંચા શુભભાવ અનંત વાર કર્યા, પરંતુ એ કોઈ ચીજ નથી—સંવરનિર્જરા નથી, શુભરાગ હોવાથી દુઃખરૂપ છે. આનંદમૂર્તિ ભગવાન આત્માનો આશ્રય લઈને જે નિર્મળતા પ્રગટ થાય તે આનંદ છે. જ્ઞાનીને પણ રાગ આવે છે પરંતુ તે દુઃખરૂપ લાગે છે. અહા ! આવો માર્ગ છે. માર્ગ સમજવામાં શાસ્ત્ર નિમિત્ત છે, પણ તે જણાય છે તો પોતાથી જ. રાગથી ભિન્ન થઈને અંતરમાં પોતે પોતાને પકડે તો પોતે પોતાથી જ જ્ઞાત થાય છે, ગુરુથી નહિ, શાસ્ત્રથી નહિ.

કહાન
સંવત-૬
વર્ષ-૪૩
અંક-૬
[ ૫૧૮ ]

વીર
સંવત
૨૫૧૩
A. D. 1986
DEC.




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

મોક્ષનો ઉપાય :

## 卐 નિજાત્મા ને પરમાત્મામાં ભેદ ન માન 卐

[ શ્રી યોગસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૪૫ )

આ શ્રી યોગસાર શાસ્ત્ર છે. ૧૦૬ ગાથા ચાલે છે. આગળની ગાથામાં પાંચ પરમેષ્ઠી અને બ્રહ્મા, વિષ્ણુ, શિવ, શંકર આદિ લક્ષણોથી પરમાત્માનું સ્વરૂપ વર્ણવ્યું. હવે યોગીન્દ્રદેવ કહે છે કે એવા જે પરમાત્મા છે તેમાં અને આ દેહવાસી જીવમાં કાંઈ ફેર નથી.

એવા લક્ષણયુક્ત જે, પરમ વિદેહી દેવ,
દેહવાસી આ જીવમાં ને તેમાં નથી ફેર. ૧૦૬.

આત્મામાં કર્મના નિમિત્તનાં સંબંધમાં વિવિધતા-વિચિત્રતા પર્યાયમાં છે છતાં તે દૃષ્ટિને-લક્ષને બંધ રાખી, વસ્તુદૃષ્ટિએ-દ્રવ્યસ્વભાવે અસલી ચૈતન્યબિંબ આત્મા પરમાત્મા છે એમ સાધક જીવે વસ્તુની નિશ્ચયદૃષ્ટિ કરવી.

વ્યવહારનયથી જીવની પર્યાયમાં એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીમાં જે અનેક પ્રકારના ભેદો છે તેને જ્ઞાનમાં જાણવા. એ ભેદો પર્યાયમાં પણ નથી એમ નથી પણ દ્રવ્યસ્વભાવમાં એ કોઈ ભેદો નથી. દ્રવ્યસ્વભાવે આત્મા પરમાત્મા જ છે એમ નિશ્ચય કરવો. જે કાંઈ ભેદ દેખાય છે તે વ્યવહારથી છે પણ પરમાર્થ વસ્તુદૃષ્ટિએ જોતાં વસ્તુમાં એ કોઈ ભેદો નથી.

સાધકજીવે વ્યવહારનાં બધાં ભેદોનો અભાવ કરીને નહિ પણ તેને ગૌણ કરીને જેમ પોતાને સ્વભાવે શુદ્ધ પરિપૂર્ણ જુએ છે તેમ દરેક જીવને શુદ્ધ પરિપૂર્ણ પરમાત્મા

તરીકે જોવા. કારણ કે સમભાવ એ જ મોક્ષનો ઉપાય છે. વસ્તુ એક જ્ઞાનઘન શુદ્ધ જ છે એમ અંતરમાં જોવું, જાણવું અને અનુભવવું તે મોક્ષનો ઉપાય છે.

જે કોઈ પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવથી છૂટીને પરભાવમાં આત્માપણાની કલ્પના કરે છે એટલે કે ભગવાન આત્મા જ્ઞાતા-દ્રષ્ટા, શુદ્ધ આનંદકંદની દૃષ્ટિ છોડીને વર્તમાન અલ્પજ્ઞ પરિણામ અને પુણ્ય-પાપના પરિણામમાં આત્મબુદ્ધિ કરે છે તે સ્વરૂપથી ભ્રષ્ટ થાય છે અને મિથ્યાત્વ, કષાયાદિને ગ્રહણ કરે છે.

'હું અસંખ્ય પ્રદેશી છું' એવું લક્ષ કરવું તે પણ ભેદ છે, વિકલ્પ છે તેથી જ પંચાસ્તિકાયમાં તો લીધું છે કે હું એક પ્રદેશી એકરૂપ વસ્તુ છું. અસંખ્યપ્રદેશ હોવાં છતાં વસ્તુ અભેદ છે પણ તેનો અર્થ એમ નથી કે આત્મા અસંખ્યપ્રદેશી છે તે વ્યવહારથી છે. અસંખ્ય પ્રદેશ તો નિશ્ચયથી છે પણ તેનો ભેદ-વિચાર કરવો તે વ્યવહાર છે. ૪૭ શક્તિમાં એક 'નિયતપ્રદેશત્વ' શક્તિ છે એટલે અસંખ્ય પ્રદેશ નિયત છે. પણ અભેદદૃષ્ટિમાં ભેદ દેખાતા નથી. અભેદમાં ભેદ નથી એમ નથી પણ અભેદદૃષ્ટિમાં ભેદનું લક્ષ કરે તો વિકલ્પ ઉઠે અને રાગ થાય તો અભેદદૃષ્ટિ જ રહેતી નથી.

એકે એક વાતની ચોખવટ કરીને આચાર્યદેવે સતને ઘણું સ્પષ્ટ કર્યું છે. અસંખ્ય પ્રદેશમાં આત્માના અનંત ગુણો પથરાયેલા છે. એક પ્રદેશનો બીજા પ્રદેશમાં અભાવ છે. વ્યવહારને ભૂલી જવાનો નથી પણ ગૌણ કરીને સ્વભાવની દૃષ્ટિ કરવાની છે. વ્યવહારનો અભાવ કરે તો તે વસ્તુ જ ન રહે. વીતરાગશાસન આવું છે ભાઈ!

હવે ૧૦૭ મી ગાથામાં મુનિરાજ કહે કે આત્માનું દર્શન જ સિદ્ધ થવાનો ઉપાય છે.

> જે સિદ્ધા ને સિદ્ધશે, સિદ્ધ થતાં ભગવાન,
> તે આતમદર્શન થકી, એમ જાણ નિર્ભ્રાન્ત. ૧૦૭.

જે કોઈ સિદ્ધ થઈ ગયા, ભવિષ્યમાં થશે અને વર્તમાનમાં મહાવિદેહમાંથી સિદ્ધ થઈ રહ્યાં છે તે બધાં આત્મદર્શનથી જ મુક્તિ પામે છે. મુનિરાજે ત્રણેય કાળની વાત લઈ લીધી છે. અનંત સિદ્ધ થયા, અનંત સિદ્ધ થશે અને વર્તમાનમાં સિદ્ધ થાય છે તે બધાં આત્મ-અનુભવથી જ થાય છે. ત્રણેય કાળમાં એક જ માર્ગ છે એ વાત આમાં આવી ગઈ. 'એક હોય ત્રણકાળમાં, પરમારથનો પંથ' આ વાતને સંદેહ રહિતપણે તું માન!

મોક્ષ એ આત્માનો પૂર્ણ સ્વભાવ છે અને મોક્ષમાર્ગ એ તે જ સ્વભાવના શ્રદ્ધાન, જ્ઞાનનો અનુભવ છે. પૂર્ણ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ દ્વારા અનુભવ કરવો તે મોક્ષમાર્ગ છે.

અનુભવ રત્ન ચિંતામણી, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.

વસ્તુ ત્રિકાળ મુક્તસ્વરૂપ જ છે તેને બંધ કેવો અને આવરણ કેવા? એવા મુક્તસ્વભાવનું શરણ લેતાં જે અનુભવ થાય તે મોક્ષમાર્ગ છે.

પોતાનો આત્મા જ સાધ્ય છે અને પોતાનો આત્મા જ સાધક છે. ઉપાદાન કારણ કાર્યરૂપ થઈ જાય છે એટલે શુદ્ધ ઉપાદાન સ્વભાવ પોતે જ પરિણમીને પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી કાર્યને પામે છે. વજ્રવૃષભનારાચ સંહનન અને મનુષ્યપણું કાંઈ કેવળજ્ઞાનના કાર્યરૂપે પરિણમતું નથી. આત્મા પોતે જ અંતરમાં એકાકાર થઈ પરિણમતો....પરિણમતો પૂર્ણ કાર્યરૂપે પરિણમી જાય છે.

પંચાસ્તિકાયમાં સુવર્ણનું દૃષ્ટાંત આપ્યું છે કે સુવર્ણને શુદ્ધ થવામાં અગ્નિ તો નિમિત્ત છે પણ સુવર્ણ પોતે જ શુદ્ધ થતું થતું સોળવલું સુવર્ણ થઈ જાય છે તેમ આત્માના મોક્ષ માટે આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને અનુભવ જ મોક્ષમાર્ગ છે. ઉપાદાન પોતે જ કાર્યરૂપે પરિણમી જાય છે. સાથે નિમિત્ત–વ્યવહાર હોય છે તેની ના નથી પણ તેનું લક્ષ છોડે–આશ્રય છોડે, ત્યારે જ મોક્ષમાર્ગની શરૂઆત થાય છે.

આત્માનું દર્શન અથવા આત્માનો અનુભવ એ જ મોક્ષની સીધી સડક છે. જેમ સીમંધર ભગવાન ક્યાં બિરાજે છે?–આ દિશામાં સીધા ભગવાન બિરાજે છે, તેમ સિદ્ધપણાની પર્યાયની સીધી સડક આત્માની શ્રદ્ધા–જ્ઞાન અને શાંતિપૂર્વક અનુભવ કરવો તે છે. મોક્ષમહેલના પૂર્ણકાર્ય સુધી કારણ ચાલ્યું જાય છે.

જેમ અહીંથી સીધી સડક પાલીતાણા શત્રુંજયની તળેટી સુધી જાય છે તેમ આત્માના શ્રદ્ધા–જ્ઞાન અને અનુભવરૂપ સીધી સડક સિદ્ધદશાના મોક્ષમહેલ સુધી જાય છે. આ બધાં દૃષ્ટાંતો સિદ્ધાંતને સિદ્ધ કરવા માટે દેવાય છે.

રાગ અને નિમિત્તનું અનુસરણ છોડીને ભગવાન આત્માને અનુસરતી શ્રદ્ધા–જ્ઞાન–અનુભવની સીધી સડક સિદ્ધદશાના મહેલ સુધી પહોંચે છે. મોક્ષમહેલમાં જવાની આ સિવાય બીજી કોઈ સડક જ નથી. ગલી પણ નથી.

સાક્ષાત્ પરમાત્માની ભક્તિ પણ જીવને મોક્ષમહેલમાં પહોંચાડતી નથી.

શ્રોતાઃ– તો પછી ભગવાનની ભક્તિ કરે કોણ?

પૂજ્ય ગુરુદેવઃ– જ્યાં સુધી વીતરાગ થાય નહિ ત્યાં સુધી પૂર્ણાનંદના આશ્રયની પરિણતિ હોવાં છતાં એવો શુભભાવ આવ્યા વગર રહેતો નથી. અશુભથી બચવા શુભભાવ આવ્યા વગર રહેતો નથી એમ કહેવાય પણ, ખરેખર તો તે કાળે તે શુભભાવ આવ્યા વગર રહેતો નથી–એવી જ વસ્તુસ્થિતિ છે.

દ્રવ્ય અનંત ગુણસાગરનો પિંડ છે અને તે ગુણોનું પરિણમન તે પર્યાય છે. દ્રવ્યદૃષ્ટિથી જુઓ તો પરમપારિણામિક ત્રિકાળ ધ્રુવ છે, કૂટસ્થ છે અને પર્યાયદૃષ્ટિથી જુઓ તો ઉત્પાદ–વ્યય તે ધ્રુવનું પરિણમન છે. દ્રવ્યદૃષ્ટિથી દ્રવ્ય પરિણમતું નથી. તેથી જ તેને સદૃશ કહ્યું છે એટલે જેવું છે તેવું જ ત્રિકાળ રહે છે. પરિણમે છે તે પર્યાય છે. દ્રવ્ય તો અપરિણામી છે, તેનું પર્યાય લક્ષ કરે છે. અનિત્ય પર્યાય વડે ધ્રુવનું લક્ષ થાય છે.

ખરેખર તો નિશ્ચયનું સ્વરૂપ જ ધ્રુવ છે. ઉત્પાદ્-વ્યય છે તે બધો વ્યવહારનો વિષય છે અને બીજી રીતે કહીએ તો પારિણામિક છે તેની આ પર્યાય છે પણ તે વ્યવહાર-નયની અપેક્ષાએ છે. પારિણામિક સ્વભાવ છે તે તો ત્રિકાળ એકરૂપ છે તેમાં કાંઈ ઓછું નથી, વિશેષ નથી, ભેદ નથી અને પરિણમન પણ નથી. પણ તેનું લક્ષ પર્યાયથી થાય છે. લક્ષ કરનાર પર્યાય છે અને લક્ષ દ્રવ્યનું છે. આમ સદૃશ વસ્તુ તે નિશ્ચયનયનો વિષય છે. વિસદૃશ એવા ઉત્પાદ-વ્યય તે વ્યવહારનયનો વિષય છે અને તે બંને સાથે હોય તે પ્રમાણનો વિષય છે.

બીજના ચંદ્રમાની માફક ચોથા ગુણસ્થાને અંશે અનુભવ હોય છે તે વધતો વધતો પૂનમના ચંદ્રની માફક પૂર્ણ અનુભવને પ્રાપ્ત થાય છે. આવો મોક્ષમાર્ગ સાધકને વર્તમાનમાં આનંદદાયક છે અને ભવિષ્યમાં પણ અનંત સુખનું કારણ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય આનંદમૂર્તિ છે. તે વર્તમાન આનંદદાયક છે અને ભવિષ્યમાં અનંત આનંદદાયક છે.

હવે અંતિમ ૧૦૮ માં શ્લોકમાં ગ્રંથકર્તા પોતાની ભાવના વર્ણવે છે.

સંસારે ભયભીત જે, યોગીન્દુ મુનિરાજ;
એકચિત્ત દોહા રચે, નિજસંબોધન કાજ. ૧૦૮.

શરૂઆતના શ્લોકમાં કહ્યું હતું કે ભવભીરૂ જીવોના સંબોધન માટે હું આ કાવ્ય રચું છું અને અહીં કહ્યું છે કે મારા આત્માના સંબોધન માટે મેં આ રચના કરી છે કે હે આત્મા! તું પરમાનંદમૂર્તિ છો તેમાં સ્થિર થા....તેમાં સ્થિર થા....તેમાં સ્થિર થા. દૃષ્ટિ અને જ્ઞાન તો થયાં છે પણ હવે તેમાં પૂર્ણપણે સ્થિર થા. એવા સંબોધન માટે મેં આ શાસ્ત્ર રચ્યું છે એમ આચાર્યદેવે લીધું છે.

જેને ચારગતિરૂપ સંસારનો ભય લાગ્યો છે તેને માટે આ વાત છે ભાઈ! દુઃખનો ડર લાગ્યો છે તેને માટે ન લખ્યું પણ સંસાર શબ્દે ચારેય ગતિનો જેને થાક લાગ્યો હોય તેને માટે આ વાત છે. એકલા દુઃખથી કંટાળે છે તેને તો દ્વેષ છે, તેને દેવગતિના સુખની ઇચ્છા છે તેને માટે આ વાત નથી.

ભગવાન આત્માના આનંદની બહાર નીકળતાં જે શુભાશુભભાવ થાય તેનું ફળ સંસાર છે તે બધો સંસાર દુઃખરૂપ છે. સર્વાર્થસિદ્ધિના ભવનો ભાવ પણ દુઃખરૂપ છે.

યોગીન્દ્રદેવે પોતાના આત્માના સંબોધન માટે આ દોહાની રચના કરી છે એમ નિમિત્તથી કથન છે. દોહાના રજકણના સ્કંધની ક્રિયા તો સ્વતંત્ર તેનાથી થઈ છે તેના કર્તા મુનિરાજ નથી. એમ મુનિરાજ પોતે જ પોકારીને કહે છે પણ તે દોહા રચાયા ત્યારે મારો વિકલ્પ નિમિત્ત હતો એમ અહીં કહે છે. ખરેખર તો એ વિકલ્પમાં પણ હું નથી મને તો તેનું માત્ર જ્ઞાન થયું છે. સ્વ-પરની વાર્તા કરવાની તાકાત શબ્દમાં છે, મારા ભગવાન આત્માના ભાવ તો તેને અડતા પણ નથી.

ત્રણકાળ ત્રણલોકમાં ભગવાન આત્માનો સ્વભાવ એકરૂપ છે. વિકાર કરવાનો પણ સ્વભાવમાં કોઈ ગુણ નથી. રાગનો અને પરનો આત્મા અકર્તા અને અભોક્તા છે. એવો જ તેનામાં અકર્તૃત્વ અને અભોક્તૃત્વ નામનો ગુણ છે. જો રાગને કરવા–ભોગવવાનો આત્મામાં ગુણ હોય તો તો ત્રણકાળમાં ક્યારેય આત્માની મુક્તિ ન થાય. સમ્યગ્દર્શન પણ ન થાય.

યોગીન્દુ મુનિરાજ કહે છે કે મને ભવભ્રમણનો ભય છે. જુઓ ! પહેલાનાં સંતો પણ ભવભીરૂ હતાં. ત્રણજ્ઞાનના ધણી તીર્થંકર જેવા પણ સંસારને પૂંઠ દઈને ભાગ્યા છે, જેમ પાછળ વાઘ આવતો હોય ને માણસ કેવો ભાગે ? તેમ સંતો ભવભ્રમણના ભાવથી ભાગ્યા છે.

સંયોગો અનુકૂળ હોય તો મને મજા, પ્રતિકૂળતા હોય તો મને દુઃખ, શુભભાવમાં લાભ છે, એવા જે ભાવ છે તે મિથ્યાત્વનું ગાંડપણ છે. તેમાં જીવ પોતાના અતીન્દ્રિય સુખને ઓળખી શકતો નથી અને ઇન્દ્રિયસુખનો જ લોલુપી રહે છે. તેથી ઇન્દ્રિય વિષયોની અનુકૂળ સામગ્રિમાંથી પ્રેમ છૂટતો નથી અને તેની પ્રતિકૂળ સામગ્રિમાંથી દ્વેષ છૂટતો નથી. આમ મિથ્યાદૃષ્ટિ જ્ઞેયના બે ભાગ પાડીને રાગ–દ્વેષ કરે છે, જાણનાર રહેતો નથી. તેથી દુઃખી થાય છે.

બહારની અનુકૂળતામાં ઉલ્લસિત વીર્ય છે તે આત્માનો રોગ છે. તે રોગ ટાળવાનો ઉપાય તે આત્માનું શરણ છે. આચાર્ય કહે છે મને સંસારનો ભય છે, મને રાગ–દ્વેષ-વિકારનો ભય છે. હું તેમાં પડવા માગતો નથી. હું તો રાગ–દ્વેષ રહિત સ્વભાવમાં રહેવા માંગુ છું.

આત્મિક આનંદનો જ ભોગવટો કરવા જેવો છે. નિરાકુલ અતીન્દ્રિય સુખ જ ભોગવવા લાયક છે એવી શુદ્ધ આત્માની ભાવના કરીને આચાર્યે પોતાના આત્માનું હિત કર્યું છે અને શબ્દોમાં ભાવોની સ્થાપના કરીને જે દોહાની રચના કરી છે તે પાઠકોને ઘણા ઉપકારનું નિમિત્ત છે.

આ ગ્રંથની વાત પૂરી થઈ હવે સમયસારનો ત્રીજો કળશ આપ્યો છે તેમાં અમૃતચંદ્ર આચાર્ય કહે છે કે પર્યાયમાં નિમિત્તનું લક્ષ હોવાથી મારી પરિણતિ અનાદિથી

કલ્માષિત મેલી છે તે આ ટીકા કરતાં શુદ્ધ થઈ જાઓ એવી મારી ભાવના છે. સ્વરૂપ તરફના વલણથી મારી પરિણતિ વીતરાગી થઈ જાય, પરમ શાંતરસથી વ્યાપ્ત થઈ જાય, સમભાવમાં તન્મય થઈ જાય અને સંસારમાર્ગથી છૂટી મોક્ષમાર્ગી થઈ જાય એવી ભાવના છે. ટીકાના કાળમાં મારો આત્મા આવી ભાવના રાખે છે.

મંગલમય અરહંતકો, મંગલ સિદ્ધ મહાન,
આચારજ, પાઠક, યતિ, નમૂં નમૂં સુખદાન.
પરમ ભાવ પરકાશકા કારણ આત્મવિચાર,
જિંહ નિમિત્તસે હોય સો વંદનિક વારંવાર.

પાંચેય પરમેષ્ઠી મંગલસ્વરૂપ છે. તેમને હું નમસ્કાર કરું છું. આત્માનો અનુભવ તે પરમભાવનો પ્રકાશ કરવાનું કારણ છે તેમાં જે નિમિત્ત છે તેમને હું વારંવાર વંદું છું—એમ કહીને ગ્રંથ પૂરો કર્યો છે. [સમાપ્ત]

યોગસાર રહસ્ય પ્રકાશનહાર, અધ્યાત્મ યોગી, અતીન્દ્રિય જ્ઞાન આનંદ ભોગી શ્રી સદ્ગુરુદેવનો જય હો.

—o—

## 卐 તીક્ષ્ણબુદ્ધિથી સ્વભાવને પકડી લે 卐

સાધકજીવને ભૂમિકા પ્રમાણે દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા ભક્તિ શ્રુત ચિંતવન અણુવ્રત મહાવ્રત આદિના શુભ વિકલ્પો આવે છે, હોય છે, પણ તે જ્ઞાયક પરિણતિને બોજારૂપ છે. આહાહા! અરે! આવા શુભ વિકલ્પો પણ બોજારૂપ લાગે છે! જેમ રૂના પોલ ઉપર લોખંડનો ભાર મૂકે ને પોલ દબાઈ જાય તેમ જ્ઞાયક પરિણતિ ને શુભ વિકલ્પો પણ જ્યાં બોજારૂપ લાગે છે ત્યાં વેપાર–ધંધા–ધનાદિની રક્ષાના અશુભ રાગના બોજાની તો વાત જ શું કરવી? પવિત્ર પરિણતિમાં શુભની અપવિત્ર પરિણતિ બોજારૂપ છે, ભારરૂપ છે, આકુલતા ને કલેશરૂપ છે. આહાહા! આવું સ્પષ્ટ કથન દિગંબર સંતોનું છે. ભાઈ! તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોય તો સમ્યક્જ્ઞાનની તીક્ષ્ણબુદ્ધિથી આનંદના સાગર સ્વભાવને પકડી લે! જો આનંદસ્વરૂપ દ્રવ્ય તારા હાથમાં આવી ગયું તો મુક્તિની પર્યાય સહેજે મળી જશે. —પૂજ્ય ગુરુદેવ

# 卐 કર નિજનો ઉપકાર 卐

[ શ્રી ઇષ્ટોપદેશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૬ )

આ શ્રી ઇષ્ટોપદેશની ૩૨ મી ગાથા ચાલે છે.

દશ્યમાન દેહાદિનો, મૂઢ કરે ઉપકાર,
ત્યાગી પર ઉપકારને, કર નિજનો ઉપકાર. ૩૨.

અનાદિકાળથી અજ્ઞાની જીવ દેહ અને કર્મ આદિ પરદ્રવ્યો ઉપર ઉપકાર કરતો આવ્યો છે એટલે શરીર અને કર્મ આદિ ઉપર લક્ષ રાખીને તેની સાવધાનીમાં જ રોકાયો છે અને પોતાની સાવધાની છોડી દીધી છે. તેને પૂજ્યપાદ સ્વામી કહે છે કે તું પરનો ઉપકાર છોડીને તારા પોતાના ઉપર ઉપકાર કર!

કર્મને જીવ બાંધે છે તેમાં કર્મનો ઉપકાર થાય છે અને કર્મને છોડે છે તેમાં આત્માનો ઉપકાર થાય છે. સજ્જન માણસ જ્યાં સુધી પરને પોતાનું માનતો હતો ત્યાં સુધી તો એકત્વ પૂર્વક પરની સેવા કરતો હતો પણ જ્યાં જાણ્યું કે આ તો પર છે, ત્યાં તે એકત્વ પૂર્વક પરની સેવા ન કરતાં પોતાની સેવા કરવા લાગે છે. તેમ હે જીવ! તું પણ પરની સાવધાની છોડી તારા સ્વભાવની સાવધાની કર!

અહીં જીવ પરનો ઉપકાર કરી શકે એ વાત નથી લેવી પણ તેના ભાવમાં એમ છે કે હું શરીર, કુટુંબ, ગામ, દેશ આદિનો ઉપકાર કરું એ ભાવમાં તેને પરના ઉપકારની ભાવના છે એમ વાત લેવી છે.

અજ્ઞાની જીવ અવિદ્યા–અજ્ઞાન અને મોહના વશે પરના ઉપકારમાં લાગ્યો છે તેને ગુરુ કહે છે કે અરે મૂઢ! તું એકવાર તારી સામે જો ને! તારા ઉપર ઉપકાર કરને!

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે આપે કહ્યું કે પરનો ઉપકાર ન કરવો અને પોતાનો ઉપકાર કરવો તો પોતાને અને પરને કયા ઉપાયથી જુદાં જાણવા? અને એ જુદાં જાણવાથી શું ફળની પ્રાપ્તિ થાય? શિષ્યના આ પ્રશ્નનો ઉત્તર ગુરુ ૩૩ મી ગાથામાં આપે છે.

ગુરુ–ઉપદેશ, અભ્યાસ ને, સંવેદનથી જેહ,
જાણે નિજ–પર ભેદને, વેદે શિવ-સુખ તેહ. ૩૩.

ગુરુના ઉપદેશથી જે અભ્યાસ કરતો થકો પોતાનાં જ્ઞાનથી પોતાના અને પરના ભેદને જાણે છે તે મોક્ષસુખનો અનુભવ કરે છે.

એક વાત તો એ લીધી કે ગુરુના ઉપદેશથી અને બીજી વાત એ કે અભ્યાસ

કરનારો જિજ્ઞાસુ જીવ સ્વ-પરનો ભેદ પાડી શકે છે. ગુરુનો ઉપદેશ કહેતાં અજ્ઞાનીના ઉપદેશનો અને પોતાની મેળે કરેલાં અભ્યાસનો નિષેધ આવી ગયો. સાચા ધર્માત્મા -જ્ઞાનીના ઉપદેશથી અભ્યાસ કરતાં પોતાના જ્ઞાનમાં સ્વ-સંવેદન થાય છે તેનાથી આ આત્મા આનંદસ્વરૂપ છે તે હું છું અને પુણ્ય-પાપ, કર્મ, શરીરાદિ પર છે એમ સ્વ-પરનું ભેદજ્ઞાન થાય છે.

આ તો બધી માખણની વાતો છે, એકલું તરતું સત્ય છે. ગુરુનો ઉપદેશ એવો હતો કે તું અનંત અનંત આનંદ, જ્ઞાન અને સુખનું ધામ છો અને પુણ્ય-પાપના વિકલ્પ છે તે આશ્રય તત્ત્વ છે અને કર્મ, શરીરાદિ તે અજીવ તત્ત્વ છે. આવો ઉપદેશ તે યથાર્થ ઉપદેશ છે. સંસારની કેળવણીનો અભ્યાસ કરે છે તે તો બધો પાપનો અભ્યાસ છે.

શ્રોતા :- તો પછી સંસારની કેળવણીનો અભ્યાસ અમારે ન કરવો?

પૂજ્યશ્રી :- ભાઈ! અહીં કરવા ન કરવાની વાત નથી. એ તો તને મોહ છે એટલે તું એ અભ્યાસ કર્યા વગર રહેવાનો નથી. અહીં તો તેનું સ્વરૂપ શું છે એ બતાવાય છે કે એ અભ્યાસ તો તને સ્વ-પરની જુદાઈનો નહિ પણ એકપણાનો અભ્યાસ કરાવશે. તું આમ કરીશ તો બીજાનું હિત થશે, આમ કરીશ તો તારું હિત થશે એવી ઊંધી કેળવણી તને મળશે.

અહીં તો કહે છે કે ગુરુના ઉપદેશના અભ્યાસથી તું તારું સ્વ-સંવેદનજ્ઞાન પ્રગટ કર. તેનાથી તને સ્વ-પરનું ભેદજ્ઞાન થશે. આવું ભેદજ્ઞાન જે કરે છે તેને ભેદજ્ઞાનના ફળમાં મોક્ષનું સુખ મળે છે. સંસારની કેળવણીના ફળમાં દુઃખ મળે છે ત્યારે અહીં તો મોક્ષનું સુખ મળે છે. મોક્ષ એટલે આત્મા જેવા સ્વરૂપે છે તેવા સ્વરૂપે રહે તેનું નામ મોક્ષ છે.

ધર્માચાર્ય તો તેને કહેવાય કે જેને સ્વ-પરની જુદાઈનું ભાન છે અને સ્વ-પરની જુદાઈનો ઉપદેશ આપે છે તે ધર્માચાર્ય છે. તેના ઉપદેશને ઝીલીને જે પોતે સ્વ-પરની જુદાઈનો અભ્યાસ કરીને સ્વસંવેદનથી સ્વ-પરની જુદાઈ કરે છે તે તેના ફળમાં અવિનાશી મોક્ષસુખનો અનુભવ કરે છે.

ગુરુ તો ઉપદેશ આપે પણ પોતે ન સમજે તો નિષ્ફળ છે પણ અહીં તો કહ્યું કે ગુરુના ઉપદેશના નિમિત્તે પોતે સમજીને એટલે પોતે પોતાનો ગુરુ થઈને સ્વ-પરની જુદાઈ કરે છે ત્યારે જ ગુરુના ઉપદેશથી ભેદજ્ઞાન થયું એમ કહેવાય છે.

ભાઈ! સ્વ અને પર એ ભિન્ન તત્ત્વો છે છતાં તું અનાદિથી તેની એકતાનો અભ્યાસ કરતો આવ્યો છો. હવે તું જ તારો ગુરુ બનીને સ્વ-પરની ભિન્નતાનો અભ્યાસ કર તો તારો ઉપકાર થાય.

ગુરુનો ઉપદેશ કેવો છે?–કે સુદૃઢ સ્વ-પરનું વિવેકજ્ઞાન પ્રગટ થાય એવા ગુરુના વાક્યો છે અને એ સાંભળીને મોક્ષાર્થી જીવ એવી દૃઢતા કરે છે કે 'આત્મા ચૈતન્ય જ્ઞાયક છે તે સ્વ છે અને રાગાદિ તે પર છે.' આવા વારંવારના અભ્યાસથી સ્વસંવેદન પ્રગટ કરીને મોક્ષસુખને પ્રાપ્ત કરે છે.

સીધી જ વાત છે કે જ્યાં સ્વ-પરની એકતાનું જ્ઞાન છે ત્યાં દુઃખ છે અને સ્વ-પરની ભિન્નતાનું જ્ઞાન છે ત્યાં સુખ છે. જ્યાં એવો બોધ મળે કે પરલક્ષી જ્ઞાનથી સુખ છે અને પોતાને પણ એમ લાગે કે પરલક્ષ કરવાથી મને સુખ છે તે અજ્ઞાન છે અને ત્યાં દુઃખ જ છે.

શ્રોતાઃ– અજ્ઞાન પાછળ કર્મનું જોર છે ને?

પૂજ્ય ગુરુદેવઃ– કર્મનું જોર કે'દી હતું? પોતાના ઊંધા ભાવનું જોર છે સ્વ અને પર જે જુદાં છે તેની એકતા માનનારની ઊંધી માન્યતાના જોરને લીધે અજ્ઞાન છે. કર્મ મને દુઃખી કરે છે એ માન્યતા જૂઠી છે. કર્મ અને આત્મા તો ભિન્ન તત્ત્વ છે. તે કર્મ આત્માને દુઃખી કેમ કરી શકે? આત્મા પોતે જ પોતાના અજ્ઞાનથી દુઃખી છે.

આવા અજ્ઞાનીને ગુરુનો ઉપદેશ મળે અને પોતે પણ સ્વ અને પરની ભિન્નતાનો અંતર્જલ્પ ઉઠાવીને પોતાનો ગુરુ પોતે બને એટલે કે સુદૃઢ વિવેકજ્ઞાન પ્રગટ કરનારા ગુરુના વાક્યો અને પોતાના વિચાર અનુસાર અભ્યાસ કરે કે 'સ્વ અને પર તદ્દન ભિન્ન તત્ત્વ છે. હું પરનું હિત ન કરું, પર મારું હિત ન કરે. જે મારાથી પરદ્રવ્ય છે તે મારું હિત ત્રણ કાળમાં કદી ન કરી શકે. મારા હિતનો કર્તા હું જ છું એવો પોતે અભ્યાસ કરે. ગુરુનો ઉપદેશ પણ એ જ હોય કે પરમાં ક્યાંય સુખ નથી. તારું સુખ તારામાં છે.' આવા સુદૃઢ વિવેક પેદા કરાવનારા ગુરુ વાક્યો દ્વારા પોતે અભ્યાસ કરવો જોઈએ. ગુરુ કહે કાંઈક અને પોતે વિચારે બીજું કાંઈક તો એ ગુરુનો ઉપદેશ ઝીલ્યો ન કહેવાય.

પ્રવચનસારમાં અમૃતચંદ્ર આચાર્ય છેલ્લા શ્લોકમાં કહે છે કે પરમાગમોમાં અમંદપણે મોટા અવાજે જે કાંઈ થોડું ઘણું તત્ત્વ કહેવામાં આવ્યું છે તે બધું ચૈતન્યના વિષે અગ્નિમાં હોમાયેલી વસ્તુની માફક સ્વાહા થઈ જાય છે એટલે કે અમે ઉગ્ર પુરુષાર્થથી જેટલું પણ કહીએ તે બધું ચૈતન્યમાં સમાય જાય છે.

આમ સ્વ-પરની જુદાઈનો વારંવાર અભ્યાસ કરવાથી પોતાના લક્ષ્યનો અનુભવ થવા લાગે છે—આત્માના ધ્યેયનો અનુભવ થવા લાગે છે એટલે સ્વ-પરનો અભ્યાસ કરતાં કરતાં પરનું લક્ષ છૂટી ફડાક સ્વનું લક્ષ થઈ જાય છે–અનુભવ થઈ જાય છે. તે અનુભવથી –સ્વસંવેદનથી જે સ્વાત્માને પરથી ભિન્ન જાણે–દેખે છે તે મોક્ષસુખને નિરંતર વેદવા લાગે છે એટલે જેટલો રાગથી ભિન્ન પડી સ્વભાવમાં સ્થિર થાય છે તેટલો અતીન્દ્રિય આનંદને વેદવા લાગે છે. મોક્ષસુખની વાનગી અહીંથી શરૂ થાય છે. અતીન્દ્રિય આનંદમાં ઢળેલો ભાવ નિરંતર વિચ્છેદ રહિત અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવા લાગે છે.

ધર્મની બધી ક્રિયાનો સાર આ છે. ભણી-ભણીને કરવું હોય તો આ...., સમજણ કરીને કરવું હોય તો આ...., શાસ્ત્ર વાંચીને કરવું હોય તો આ...., જીવનમાં કરવા જેવું હોય તો પણ આ જ છે. 'ભેદજ્ઞાન' અને તેનું ફળ મળશે 'મોક્ષસુખ!'

આત્માથી ભિન્ન દ્રવ્યનું એટલે શરીર, કર્મ, રાગાદિનું 'કરવું' તે આત્મા કરી શકતો નથી. પણ તેનાથી આત્માના જુદાપણાનું જ્ઞાન કરવું તે આત્માનું કાર્ય છે-તે આત્મા કરી શકે છે.

આ તો નાના છોકરાઓને પણ સમજાય તેવી વાત છે. સાદી અને સારરૂપ વાત છે વાહ રે વાહ! આજ સમોસરણની સ્થાપનાનો દિવસ છે ને! સમોસરણમાં ભગવાનની વાણીમાં જે આવ્યું હતું તેનો સાર આ છે.

બધાં સંતોનો, ગુરુઓનો, શાસનનો, વીતરાગનો ઉપદેશ સ્વની એકતા અને પરની ભિન્નતા માટેનો જ છે. સ્વની એકતા અને પરની ભિન્નતા ન હોય અર્થાત્ પરથી હિત થાય એવી વાત હોય તે વીતરાગનો ઉપદેશ નથી. વીતરાગનો ઉપદેશ વીતરાગતાનો જ હોય. લાખ વાતની એક વાત આ જ હોય. ચારેય અનુયોગનો સાર વીતરાગતા છે. વસ્તુનું જેવું પરથી ભિન્ન સ્વરૂપ છે તેવું જણાવવું તે ઉપદેશનું તાત્પર્ય છે.

ભગવાનનો ઉપદેશ નિશ્ચય-વ્યવહારની ભિન્નતાનો છે. સ્વ તે નિશ્ચય અને પર તે વ્યવહાર. રાગની મંદતા એ પણ વ્યવહાર છે. ભગવાન કહે છે રાગથી જુદો પડી અહીં ઠર!—સ્વમાં ઠર! વચ્ચે વ્યવહાર આવશે પણ તેને જુદો જાણવાનો પ્રયત્ન કરજે. વ્યવહારથી નિશ્ચય થાય એમ માનીશ નહિ. રાગથી સ્વભાવમાં કદી ન જઈ શકાય. રાગથી ભિન્ન પડતાં સ્વભાવમાં એકાગ્ર થવાય એવી જ વસ્તુની સ્થિતિ છે. એવો જ ભગવાનનો ઉપદેશ છે. આ તો ભાઈ! પકવાન પીરસાય છે!

લોકો કહેશે આવો ઉપદેશ તમે આપશો તો પછી કોઈ તીર્થરક્ષા માટે જશે નહિ, મંદિરો બંધાવશે નહિ, જાત્રા કરશે નહિ. તેને કહીએ છીએ ભાઈ! જે થવાનું છે તે થાય જ છે. પણ તે પર છે અને તું સ્વ છો તેમાં ઠરવું તે તારું કાર્ય છે. તું ઉતાવળો થઈશ તોપણ બહારમાં જે થવાનું હશે તે જ થશે અને ધીરો થઈને સ્વભાવમાં ઠરીશ તોપણ બહાર તો જે થવાનું હશે તે થશે જ.

આ તો ભાઈ! મૂળ મારગની વાતો છે. 'મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ....' પોતાની સન્મુખ દૃષ્ટિ કર તેમાં બધું સમાય જાય છે.

પરદ્રવ્ય મને લાભ કરે કે નુકશાન કરે એમ માનનારો તેનાથી જુદો પડી ન શકે. અહીં તો કહે છે કે પર તને લાભ-નુકશાન કરનાર નથી. પર જે સ્થિતિએ છે તે સ્થિતિએ ભલે રહ્યું પણ તું તેનાથી જુદો પડી જા! પરની સ્થિતિ બદલાવવાની નથી માત્ર તેનાથી પોતાના જુદાપણાનું જ્ઞાન કરવાનું છે. આ જ્ઞાનીની કેળવણીની કસરત છે. *

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

અહીં લોકનું વર્ણન ચાલે છે. લોકમાં જીવનું અસ્તિત્વ છે તે કઈ રીતે છે તેનું આ કથન છે. અજ્ઞાનીઓ જીવને માનતા નથી તેથી અહીં જીવના અસ્તિત્વને નક્કી કરે છે.

જીવ જ્ઞાનસ્વરૂપી છે, તે સંકલ્પ-વિકલ્પનો પણ જાણનાર છે. સુખ-દુઃખનો જે સંકલ્પ થાય તે જીવની પર્યાયમાં થાય છે, પણ જીવનું જ્ઞાન તેનાથી પણ અધિક રહીને તેને જાણનારું છે. આવા જીવને સ્વસંવેદનથી જાણવો તેનું નામ ધર્મ છે.

હવે આગળ જીવ, દેહ સાથે મળ્યો છતો સર્વ કાર્યોને કરે છે તે કહે છે:—

**देहमिलितः अपि जीवः सर्वकर्माणि करोति यस्मात् ।**
**तस्मात् प्रवर्तमानः एकत्वं बुद्धते द्वयो ॥१८५॥**

અર્થઃ—કારણ કે જીવ છે તે દેહથી મળ્યો થકો જ સર્વ કર્મનો કર્મરૂપ બધાય કાર્યોને કરે છે તેથી તે કાર્યોમાં પ્રવર્તતો થકો જે લોક તેને દેહ અને જીવનું એકપણું ભાસે છે. ૧૮૫.

જીવ અને શરીરનો સંયોગ છે તે અપેક્ષાએ આ કથન છે. ખરેખર જીવની ક્રિયા જીવ કરે છે ને દેહની ક્રિયા દેહથી જ થાય છે, પણ તે કાર્યની વ્યવસ્થાનું જ્ઞાન જીવને છે, જડને કાંઈ જ્ઞાન નથી. જ્ઞાન વ્યવસ્થિત કાર્ય કરે છે. "સાકર લાવો" એમ કોઈ કહે ત્યાં તેવું જ જ્ઞાન કરે છે; એવો જ્ઞાનનો સ્વભાવ છે. તે વખતે વિકલ્પ થયો તે જીવનો વિકાર છે, તથા દેહની ક્રિયા થાય તે દેહના કારણે છે, પણ લગભગ મેળ એવો હોય છે કે જ્ઞાનમાં જેવો વિચાર હોય તેવી દેહની ક્રિયા થાય. આમ કહીને અહીં જીવને સિદ્ધ કરવો છે. જીવ દેહની ક્રિયા કરે છે એ વાત ઉપર વજન નથી દેવું, તે તો જીવને સાબિત કરવા માટે વ્યવહારનું કથન છે.

જે દિશા તરફ ચાલવાની ઇચ્છા થાય તે દિશા તરફ જ દેહનું ગમન થાય. થાળીમાંથી જે વસ્તુ લેવી હોય તે જ વસ્તુ હાથમાં આવે-આવું લગભગ વ્યવસ્થિત બને છે, તે જીવના અસ્તિત્વને સાબિત કરે છે. જીવના અસ્તિત્વ વગર આવી વ્યવસ્થા બને નહિ. દેહની ક્રિયા તો દેહના જ કારણે થાય છે, પણ દેહ અને જીવનો સંયોગ હોવાથી લોકોને જીવ અને દેહની એકતા જ ભાસે છે. જીવ અને દેહ જુદા છે—એમ તેને ભાસતું નથી. તેથી દેહની ક્રિયા જાણે કે જીવ જ કરતો હોય—એમ અજ્ઞાનથી ભાસે છે.

લોકોને દેહ અને જીવ જુદા તો દેખાતા નથી પણ બંને મળેલા જ દેખાય છે. સંયોગી કાર્યોની પ્રવૃત્તિ દેખાય છે તેથી તે બંનેને એક જ માને છે, પણ બંને ભિન્ન છે. જીવ તો જાણવા-દેખવાની ક્રિયાનો કર્તા છે ને શરીરની ક્રિયાનો કર્તા જડ છે-આમ ભિન્નપણું અજ્ઞાનીને ભાસતું નથી.

જુઓ, લોકમાં મુખ્ય દ્રવ્ય જીવ છે, તેથી સૌથી પહેલાં જીવની જ વાત લીધી છે.

આગળ જીવને દેહથી ભિન્ન જાણવાનું લક્ષણ દર્શાવે છે :—

देहमिलितः अपि पश्यति देहमिलितः अपि निश्रृणोति शब्दं ।
देहमिलितः अपि भुञ्जते देहमिलितः अपि गच्छति ॥१८६॥

અર્થ:—જીવ, દેહથી મળ્યો થકો જ નેત્રોથી પદાર્થોને દેખે છે, દેહથી મળ્યો થકો જ કાનોથી શબ્દોને સાંભળે છે, દેહથી મળ્યો થકો જ મુખથી ખાય છે, જીભથી સ્વાદ લે છે, તથા દેહથી મળ્યો થકો જ પગથી ગમન કરે છે. ૧૮૬.

જુઓ, અહીં આંખથી દેખાય છે એમ સિદ્ધ નથી કરવું, પણ આંખ તો નિમિત્ત છે, તે આંખથી ભિન્ન અંદર દેખનારો જીવ જુદો છે એને સિદ્ધ કરવો છે. જાણવું-દેખવું તે જીવનું લક્ષણ છે. એમ બતાવીને અહીં જીવને દેહથી ભિન્ન સાબિત કરવો છે. પાંચે ઇન્દ્રિયોના વિષયનું જ્ઞાન કરનારો જીવ છે.

જીવ મુખથી ખાય છે ને જીભથી સ્વાદ લે છે, તથા નાકથી સૂંઘે છે, કાનથી સાંભળે છે-એ બધાંય કથન નિમિત્તના ઉપચારથી છે, પણ તેની પાછળ જ્ઞાન વ્યવસ્થિત કાર્ય કરી રહ્યું છે—તે સિદ્ધ કરવું છે. જીવ પગથી ગમન કરે છે—એનો અર્થ એમ છે કે ચાલવાની ક્રિયા વખતે જ્ઞાન જાણવાનું કાર્ય કરે છે પણ જ્ઞાનને કાંઈ પગ નથી કે તે ચાલે. પગ તો જડ છે. વચમાં ખાડો આવે ત્યાં તેમાં પડતો નથી, પણ બાજુમાં થઈને ચાલે છે. ત્યાં દેહની ચાલવાની ક્રિયા તો તેના કારણે થઈ છે, પણ બાજુમાં થઈને ચાલે છે-ત્યાં દેહની ચાલવાની ક્રિયા તો તેના કારણે થઈ છે, પણ ત્યાં "આ બાજુ ન ચાલવું ને આ બાજુ ચાલવું" એવો ખ્યાલ કોણે કર્યો? તે ખ્યાલ કરનારો જીવ છે—એમ અહીં બતાવવું છે; દેહની ક્રિયા તો અજીવની છે.

તનતા મનતા વચનતા, જડતા જડ સમ્મેલ;
લઘુતા ગુરુતા ગમનતા, યે અજીવકે ખેલ ॥૨૭॥
(સમયસાર નાટક)

ચાલવું-બોલવું-ખાવું વગેરે બધી ક્રિયાઓ અજીવની છે, જીવ તેનો જાણનાર છે, પણ તેનો કરનાર નથી. જીવ કેવો છે? કે—

સમતા–રમતા ઊર્ધ્વતા, જ્ઞાયકતા સુખભાસ;
વેદકતા ચૈતન્યતા, એ સબ જીવવિલાસ ॥૨૬॥ (સમયસાર નાટક)

આ રીતે જીવ અને દેહ બંને ભિન્ન ભિન્ન પદાર્થો જ છે. દેહમાં જીવ ન હોય તો જડરૂપ એવા માત્ર દેહને જ દેખવું, સ્વાદ લેવો, સાંભળવું અને ગમન કરવું ઇત્યાદિ ક્રિયા ન હોય, તેથી જાણવામાં આવે છે કે દેહમાં (દેહથી) જુદો જીવ છે અને તે જ આ ક્રિયાઓ કરે છે.

જુઓ, આ તો સંયોગનું કથન છે. જીવને સાબિત કરવા માટે નિમિત્તથી કથન છે, જો જીવ ન હોય તો દેહમાં કાંઈ જાણવાની ક્રિયા થતી નથી. જાણવાની ક્રિયા જીવમાં થાય છે. જડની ક્રિયા જીવથી થતી નથી; જીવના અસ્તિત્વમાં જીવનું કાર્ય થાય, પણ કાંઈ જીવના અસ્તિત્વમાં જડનું કાર્ય થાય નહિ. જડનું કાર્ય જડના અસ્તિત્વમાં થાય છે.

અજ્ઞાનીઓ જીવ અને જડને ભિન્ન જાણતા નથી, પણ એક જ માને છે, એટલે જાણે કે જીવ જડ બંને થઈને કામ કરતા હોય—એમ તે માને છે. એવા અજ્ઞાની એમ કહે છે કે—

(૧) જીવ વગર કાંઈ બોલાય? અને (૨) આંખ વગર કાંઈ જણાય?

પણ ભાઈ! બોલવું તે જડની ક્રિયા છે કે જીવની? બોલવું તે જડની ક્રિયા છે, તે જડના અસ્તિત્વમાં થાય છે, જીવ બોલતો નથી, અને જાણવું તે જીવની ક્રિયા છે કે જડની? આંખ તો જડ છે. તેનામાં જાણવાની ક્રિયા થતી નથી. જાણવાની ક્રિયા તો જીવના જ અસ્તિત્વમાં થાય છે. આમ જીવ અને જડ બંનેની ક્રિયાઓ ભિન્ન ભિન્ન છે. જેને આવી ભિન્નતાનું ભાન નથી તેને ધર્મ થતો નથી.

જેને દેહ અને જીવની ભિન્નતાનું ભાન નથી, તે બન્નેને એક જ માને છે તેવા અજ્ઞાની જીવો શું માને છે તે વાત કરે છે:—

**राजा अहं भृत्यः अहं श्रेष्ठी अहं चैव दुर्बलः बलिष्ठः ।**
**इति एकत्वाविष्टः द्वयोः भेद न बुध्यति ॥१८७॥**

અર્થ:—દેહ અને જીવના એકપણાની માન્યતા સહિત લોક છે તે આ પ્રમાણે માને છે કે—હું રાજા છું, હું નોકર છું, હું શેઠ છું, હું દુર્બલ છું, હું દરિદ્ર છું, હું નિર્બલ છું, હું બળવાન છું,—એ પ્રમાણે માનતા થકા દેહ અને જીવ બંનેના તફાવતને જાણતા નથી. ૧૮૭.

'હું રાજા છું'—એમ અજ્ઞાની દેહ સાથે એકતાબુદ્ધિથી માને છે, પણ દેહ તો જડ છે ને હું તો જાણનાર–દેખનાર આત્મા છું....એમ ભિન્નપણું તે જાણતો નથી. જગતના પદાર્થો સત્ છે, તેનામાં મારો અધિકાર નથી. અજ્ઞાની પોતાને રાજા માનીને

અભિમાન કરે છે, અથવા નોકર હોય તો પોતાને દીન માને છે, પણ ધર્મી તો જાણે છે કે દેહાદિનો સંયોગ તે હું નથી, સધનતાથી મારી મહત્તા નથી ને નિર્ધનતાથી મારી દીનતા નથી, હું તો ચૈતન્યબાદશાહ છું, બહારના સંયોગ વિયોગ હું નથી. આમ ધર્મી જીવ તો દેહ અને આત્માને ભિન્ન ભિન્ન જાણે છે. તેને અલ્પ રાગ-દ્વેષ થાય પણ તે પોતાની અસ્થિરતાથી થાય છે, દેહ ને જીવની એકતાબુદ્ધિથી તેને રાગ-દ્વેષ થતા નથી. આત્મા તો જ્ઞાન છે, તે દેહાદિનો તથા લક્ષ્મી વગેરેનો જાણનાર છે. શરીર પુષ્ટ હોય કે દુર્બળ હોય, લક્ષ્મીનો સંયોગ હો કે ન હો—તેનો જીવ જાણનાર છે, પણ ત્યાં તેને જાણતા "હું દુર્બળ ને હું પુષ્ટ, હું સધન ને હું નિર્ધન"—એમ અજ્ઞાની જીવ માને છે, ધર્મી જીવને આવી દેહબુદ્ધિ હોતી નથી.

ધર્મી જીવને પોતાને તો દેહથી ભિન્ન ચૈતન્યમૂર્તિ આત્માનું ભાન થયું છે, ને પરજીવોને કેવી મિથ્યાબુદ્ધિ છે તેનો વિચાર કરે છે. જેને ચૈતન્યનું ભાન નથી તેને દરિદ્રપણાથી દીનતા લાગે છે, શરીર કદ્રૂપ હોય, અવાજ સરખો ન હોય ત્યાં દીનતા લાગે છે, પણ ભાઈ! એ તો બધી જડની અવસ્થા છે, તું તો તેનાથી ભિન્ન ચૈતન્યમૂર્તિ બધાનો જાણનાર છો, એવું ભાન કર ને પરનું અભિમાન છોડ, તો રાગ-દ્વેષરહિત શાંતિ પ્રગટે ને ધર્મ થાય. આ સિવાય ગમે તેવા દયા-દાન-વ્રત-પૂજાના શુભભાવ કરે તોપણ તેને ધર્મ થતો નથી, ને તેનું સંસાર પરિભ્રમણ ટળતું નથી.

આત્મામાં અનંત બળ છે, પણ એવું બળ નથી કે પરનું કાર્ય કરી શકે. અનંતબળ છે તે પોતામાં છે, પોતે પોતામાં પુરુષાર્થ વડે ઊંધું કે સવળું કરી શકે છે. સવળો પુરુષાર્થ કરીને ક્ષણમાં કેવળજ્ઞાન અને મોક્ષદશા પ્રગટ કરે એવી આત્માની તાકાત છે, પણ એક રજકણને ફેરવી શકે એવી તાકાત તો કોઈ આત્મામાં નથી.

હવે ચાર ગાથામાં જીવનું કર્તાપણું, ભોક્તાપણું વગેરે બતાવે છે.

**जीवः भवति कर्ता सर्वाणि कर्माणि कुर्वते यस्मात् ।**
**कालादिलब्धियुक्तः संसारं करोति मोक्षं च ॥१८८॥**

અર્થ:—આ જીવ, સર્વ કર્મ-નોકર્મને કરતો થકો તેને પોતાનું કર્તવ્ય માને છે માટે તે કર્તા પણ છે અને તે પોતાને સંસારરૂપ કરે છે. વળી કાળાદિ લબ્ધિથી યુક્ત થતો થકો તે પોતાને મોક્ષરૂપ પણ પોતે જ કરે છે. ૧૮૮.

જીવ અજ્ઞાનદશામાં પરને કરવાનું માને છે, તે માનનારો જડ નથી પણ ચેતન છે. અજ્ઞાની જીવ મોહભાવનો કર્તા થાય છે, ને ધર્મી જીવ જ્ઞાનનો જ કર્તા થાય છે. એક રજકણને પણ ફેરવવાની ક્રિયા ધર્મી જીવ પોતાની માનતા નથી. જીવ સ્વતંત્રપણે પોતાની સંસાર કે મોક્ષદશાને કરે છે. જીવ કાળાદિલબ્ધિથી યુક્ત થયો થકો પોતાથી જ પોતાની સંસાર કે મોક્ષદશાને કરે છે.

પુરુષાર્થ, નિયત, કાળ, સ્વભાવ અને કર્મ–એ પાંચેય લબ્ધિથી યુક્ત થયો થકો જીવ જ મિથ્યાત્વાદિ ભાવોને કરે છે, તથા પોતે જ સમ્યગ્દર્શનાદિ પ્રગટ કરીને સિદ્ધ થાય છે. નિગોદથી માંડીને મોક્ષ સુધીની બધી પર્યાયો જીવ પોતાની કાળાદિલબ્ધિથી જ કરે છે, પણ અજ્ઞાનીને આવી સ્વતંત્રતાનો નિર્ણય નથી. જ્ઞાતાસ્વભાવનો નિર્ણય કરે તેને જ કાળાદિ લબ્ધિનું યથાર્થ જ્ઞાન હોય છે.

ઊંધા પુરુષાર્થથી પાંચ લબ્ધિરૂપે પરિણમીને જીવ પોતે સંસારમાં રખડે છે, કર્મના કારણે નહિ, ક્ષેત્રના કારણે નહિ, પંચમ કાળના કારણે નહિ. આત્મા અનંત શક્તિનો પિંડ છે, તે પોતાની કાળાદિલબ્ધિથી જ પોતાની પર્યાયને કરે છે. જે વખતે સંસારપર્યાય કરે છે તે વખતે તે જ પર્યાયનો કાળ છે, તે પર્યાયનો તેવો જ સ્વભાવ છે, તે વખતે તેવો જ પુરુષાર્થ છે, તે જ પર્યાય થવાનું નિયત છે, અને તેમાં કર્મ નિમિત્ત છે, તથા મોક્ષ થવામાં પણ જીવ પોતાની પાંચ લબ્ધિથી સંયુક્ત થઈને પોતે પોતાની મોક્ષદશાને કરે છે. અહો ! સંસાર કે મોક્ષ બંનેમાં જીવ પોતે જ પોતાનો કર્તા છે, બીજું કોઈ કારણ નથી. કર્મ રખડાવે કે નિમિત્તોથી કાંઈ થાય–એ વાત સાચી નથી.

જુઓ, આ ૧૮૮ થી ૧૯૧ સુધીની ચાર ગાથાઓમાં વસ્તુસ્થિતિ મૂકી દીધી છે.

આમાં કાળાદિ લબ્ધિ કહીને લોકનો નિયત સ્વભાવ બતાવી દીધો છે. જગતમાં બધા પદાર્થો પોતપોતાની કાળલબ્ધિથી પરિણમી રહ્યા છે, તેમાં નિમિત્ત શું કરે ?

કોઈ જાણે કે આ જીવનાં સુખ–દુઃખ આદિ કાર્યોને ઈશ્વર આદિ અન્ય કરે છે—પણ એમ નથી. પોતે જ કર્તા છે–સર્વ કાર્યો પોતે જ કરે છે, કાળલબ્ધિ આવતાં સંસાર પણ પોતે જ કરે છે, તથા મોક્ષ પણ પોતે જ કરે છે, અને એ બધા કાર્યો પ્રત્યે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવરૂપ સામગ્રી નિમિત્ત છે જ.

ઇશ્વર આદિ અન્ય કોઈ જીવના સંસાર–મોક્ષનો કર્તા નથી, એટલે કર્મ કે નિમિત્ત જીવને સંસાર કે મોક્ષ કરાવતાં નથી. જીવ પોતે જ કાળલબ્ધિ પામીને પોતાના સંસાર કે મોક્ષભાવને કરે છે. " કાળે કાળે કાર્ય થાય છે " આમ કાળલબ્ધિનું સ્વરૂપ નક્કી કર્યું તેમાં વસ્તુ ઉપર દૃષ્ટિ જાય છે, જ્ઞાનસ્વભાવ તરફ વળ્યા વગર કાળલબ્ધિનો નિર્ણય થતો નથી. અહો ! બધું વ્યવસ્થિત છે—એમ નક્કી કરતાં સમસ્ત પરથી ઉદાસીન થઈ ગયો ને પર્યાય ઉપરથી પણ દૃષ્ટિ છૂટીને જ્ઞાતાસ્વભાવ ઉપર દૃષ્ટિ ગઈ. ધ્રુવસ્વભાવ સન્મુખ થયો તેને જ કાળલબ્ધિનો યથાર્થ નિર્ણય થયો. જે જીવ સવળો પુરુષાર્થ કરે તેને સાચા દેવગુરુ વગેરે યોગ્ય દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવની સામગ્રી જ નિમિત્ત હોય છે. કાર્ય તો પોતાની કાળલબ્ધિ વગેરેથી થાય છે. પરનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી પોતાનું કાર્ય થતું નથી—આવા વસ્તુસ્વભાવથી પ્રતીતિ થવી તેનું નામ ધર્મ છે, ને આનાથી ઊંધી માન્યતા કરવી તે અધર્મ છે. [ક્રમશઃ]

# 卐 સ્વરૂપમાં લીન થવું તે સમાધિ 卐

[ શ્રી સમાધિતંત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ સમાધિતંત્ર પૂજ્યપાદ સ્વામીએ બનાવેલ છે કે જેમણે સવાર્થસિદ્ધિ ટીકા બનાવેલ છે. અહીં સમાધિનો ઉપાય કહે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને સમાધિ કહે છે. આત્મા શુદ્ધ ચિદાનંદ છે, તેના સ્વભાવ સન્મુખ શ્રદ્ધા–જ્ઞાન–લીનતા કરવી તે સમાધિનો ઉપાય છે. પૂજ્યપાદ સ્વામી મહામુનિ નગ્ન દિગંબર હતા. આ શાસ્ત્ર પૂજ્યપાદ સ્વામીએ બનાવેલ છે.

પરમાનંદ શાસ્ત્રી મંગલાચરણ કહે છે.

सकल विभाव अभावकर, किया आत्मकल्यान ।
परमानंद–सुबोधमय, नमूं सिद्ध भगवान ॥१॥

आत्मसिद्धिके मार्गका, जिसमें सुभग विधान ।
उस समाधियुत तंत्रका, करूं सुगम व्याख्यान ॥२॥

* આત્માનું ભાન કરી સ્વરૂપમાં લીન થવું તે સમાધિ છે *

જે પરમાત્મા સિદ્ધ થયા તેણે શું કર્યું? પોતામાં પુણ્ય–પાપ, કામ, ક્રોધના વિકારભાવ હતા તેનો સ્વભાવના અવલંબને નાશ કર્યો. પોતે સિદ્ધને નમસ્કાર કરે છે. કામ, ક્રોધ, જાત્રા આદિના વિકલ્પ ઊઠે છે, તે વિભાવ છે. બધા વિભાવનો તેમણે અભાવ કર્યો છે, વિભાવ રાખીને સિદ્ધ થતા નથી. કમાવાના ભાવ અશુભ છે, દયા-દાનાદિના ભાવ શુભ છે. બન્ને વિભાવ છે, બન્ને બંધનું કારણ છે, ધર્મનું કારણ નથી. સિદ્ધ પરમાત્માએ શુદ્ધ ચિદાનંદની દૃષ્ટિ–જ્ઞાન–લીનતા કરી, સમાધિ પ્રગટ કરી સિદ્ધ થયા. કુંભક–રેચક આદિને સમાધિ કહે છે પણ તે સમાધિ નથી. આત્મા જ્ઞાનાનંદ છે, તેની અંતરદૃષ્ટિ કરવી ને જ્ઞાનથી જ્ઞાનનું વેદન કરી સ્વરૂપમાં લીનતા કરવી તે સમાધિ છે. શરીર, મન, વાણી પર છે. તેનો અભાવ કરવો નથી. શુભાશુભ ભાવ થાય છે તેનો નિષેધ કરે છે.

ચેતનરૂપ અનુપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો,
મોહ મહાતમ આતમ અંગ કિયો પર સંગ મહાતમ ઘેરો,
જાસુ પ્રસાદ સધે શિવમારગ, વેગે મીટે ભવવાસ બસેરો.

પંડિત બનારસીદાસજી કહે છે કે હું ચેતન છું, મારે ઉપમા નથી, સિદ્ધ સમાન સદાપદ મેરો છે. હું રાગ-દ્વેષ તથા પરપ્રત્યેની સાવધાની છોડું છું. વિકારનો સંગ કર્યો છે તેથી અજ્ઞાનદશા થઈ છે. હવે જ્ઞાનકલા ઉપજી છે, છતાં મારી પર્યાયમાં રાગ-દ્વેષ થાય છે. હવે સમયસાર નાટક કહીશ. શરીરમાં વસવાનો અભ્યાસ થઈ ગયો છે, તેનાથી છૂટી પૂર્ણાનંદની પ્રાપ્તિ કેમ થાય તે હું કહીશ.

* પરમાનંદ દશા પામેલ સિદ્ધ ભગવાનને નમસ્કાર *

સિદ્ધ ભગવાને પોતાનું આત્મકલ્યાણ કર્યું. અર્હંત ભગવાન પરનું કલ્યાણ કરતા નથી પણ જેની યોગ્યતા હોય છે તે કલ્યાણ દશાને પામે છે. કેવા છે સિદ્ધ ભગવાન? સિદ્ધ ભગવાન પાસે શું સુખ છે? પૂર્ણ સુખ છે. જેમ ચણાની મીઠાશ અંતરમાં ભરી છે. ચણા કાચા હોય તો તૂરા લાગે છે પણ અંતરમાં મીઠાશ ભરી છે. શેકવાથી તુરાશ નાશ પામે છે ને મીઠાશની ઉત્પત્તિ થાય છે, ને ફરી ઉગતા નથી. ચણામાં મીઠાશ છે તે અંદરથી આવે છે. તેમ આત્મા પરમાનંદમય છે. અંતર આનંદ પ્રગટ કર્યો, અજ્ઞાન-વિભાવનો નાશ કર્યો પછી જન્મ-મરણ નથી. એવા પરમાનંદને કેવળજ્ઞાનમય સિદ્ધ ભગવાનને નમસ્કાર કરું છું. સમાધિનો ઉપાય જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે બતાવે છે. તેમાં આત્મસિદ્ધિ માર્ગનું ભલું વિધાન છે. તે સમાધિ સહિત તંત્રનું સુગમ વ્યાખ્યાન કરે છે.

શ્રી પૂજ્યપાદ સ્વામી મોક્ષના ઇચ્છક ભવ્ય જીવોને મોક્ષનો ઉપાય તથા મોક્ષનું વરૂપ બતાવવાની ઇચ્છાથી શાસ્ત્રની નિર્વિઘ્ન સમાપ્તિ માટે સિદ્ધ પરમાત્માને નમસ્કાર કરે છે. મોક્ષના ઇચ્છક ભવ્ય જીવની વાત લીધી છે. જેને મોક્ષની ઇચ્છા છે તેની વાત છે.

"કામ એક આત્માર્થનું, બીજો નહિ મન રોગ."

હું કોણ છું? મારું શું સ્વરૂપ છે? ક્યાં જઈશ? તેનો વિચાર કરે છે તેની વાત છે. સ્વર્ગની, રાગની કે ભોગની ઇચ્છા નથી-એવા મુમુક્ષુને કહે છે કે મોક્ષનો ઉપાય કહીશ. પુણ્ય કરીશ તો સ્વર્ગ મળશે, તેમાં બીજાથી અધિક થઈશ એવી લાલસા છે તેની વાત નથી. ઇંદ્રો મુનિને નમસ્કાર કરે છે તે શા માટે?—કે પ્રભુ! તમારી પાસે રાગ રહિત શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર છે તે અમારે જોઈએ છે, અમારી પાસે જે વૈભવ છે તે અમારે જોઈતો નથી માટે શ્રોતા મોક્ષનો ઇચ્છક હોવો જોઈએ. રાગથી છૂટકારો કેમ થાય? તેવી જિજ્ઞાસા હોવી જોઈએ. આવી પાત્રતા હોવી જોઈએ. લક્ષ્મી ને લક્ષ્મીના કારણરૂપ પુણ્યનો નિષેધ કરે છે. સ્ત્રી, કુટુંબ, મકાનની વાત લીધી નથી. મારી સ્વતંત્ર દશા કેમ પ્રાપ્ત થાય તેની વાત ચાલે છે. અભવી

જીવની વાત નથી. તેમ જ જેને મોક્ષની ઇચ્છા નથી તેની વાત નથી. મોક્ષના ઇચ્છક જીવને મોક્ષનું સ્વરૂપ બતાવે છે. પૂજ્યપાદ સ્વામી નિર્વિઘ્ન સમાધિ જ ઇચ્છે છે. શાસ્ત્ર રચનાનું ફળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થઈને મુક્તિ થાય-એવી ઇચ્છા કરતાં થકા સિદ્ધ પરમાત્માને નમસ્કાર કરે છે.

येनात्माऽबुद्धतात्मैव परत्वेनैव चापरम् ।
अक्षयानन्तबोधाय तस्मै सिद्धात्मने नमः ॥१॥

* સિદ્ધ પરમાત્મા દ્વારા આત્માનું સ્વરૂપ *

સિદ્ધ પરમાત્મા થયા તે સકળ વિભાવનો અને અલ્પજ્ઞતાનો ત્યાગ કરી, વીતરાગ સર્વજ્ઞ થયા. તેની આજ્ઞા સર્વજ્ઞ વીતરાગ થવાની છે. જે ઉપાયથી સિદ્ધની પ્રાપ્તિ થઈ તે ઉપાય બતાવે છે. સિદ્ધ ભગવાન અરીસા સમાન છે. સિદ્ધમાંથી જે નીકળી ગયું તે મારામાં નથી. રાગ-દ્વેષ, દયા-દાન નીકળી ગયા તે આત્માના સ્વરૂપમાં નથી. અનંત જ્ઞાન-દર્શનાદિ પ્રગટ કર્યા માટે સિદ્ધ આદર્શ છે. તેના સમાન થવાની લાલસા છે. દુનિયાનો રાગ છોડી દીધો, કારણ કે રાગ બંધનું કારણ છે. જો રાગ લાભ દાયક હોય તો સિદ્ધમાં પણ હોવો જોઈએ. સિદ્ધ ભગવાનને જેણે દૃષ્ટિમાં લીધા છે તે જાણે છે કે પૂર્ણાનંદ મારો સ્વભાવ છે, સિદ્ધ ભગવાનના જેવો મારો આત્મા છે. પુણ્યપાપની લાગણી મારી નથી. મારા દ્રવ્યમાંથી નિર્મળ પર્યાયની પ્રાપ્તિ થાય છે. અનંત જ્ઞાન-દર્શન સ્વભાવમાં હતા તે સિદ્ધ ભગવાને પ્રગટ કર્યા. સિદ્ધ સિવાય બીજા પૂર્ણ નિર્મળ નથી. અર્હંતને ચાર કર્મો બાકી છે, સિદ્ધને કર્મો બાકી નથી. સિદ્ધ આત્મા છે. હું પણ આત્મા છું, હું તેવો જ છું. એક સમયનો વિકાર દ્રવ્યસ્વભાવમાં નથી એવા આત્માની શ્રદ્ધા કર!

સિદ્ધમાં મહાવ્રતનો રાગ-વિકલ્પ નથી, સિદ્ધમાં કર્મજન્ય ઉપાધિ નથી. સિદ્ધમાંથી કર્મજન્ય ઉપાધિ નીકળી ગઈ તેમ મારામાંથી કર્મજન્ય ઉપાધિ નીકળી શકે એમ છે. એવો મારો આત્મા છે. એમ સમજણ કરવી તે ધર્મ છે. પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ એવા પરમાત્મા છે કે નહિ? હા, છે. ત્રણકાળને જાણનાર છે, તેમણે પોતાનું તથા જગતનું સ્વરૂપ જાણ્યું છે. સિદ્ધિ ભગવાન ત્રણ કાળને જાણે છે તેમ હું પણ જાણનાર છું. શરીર, મન, વાણીની ક્રિયા જડની છે, પુણ્યપાપ વિકાર છે, તે આત્મામાં નથી. એમ સિદ્ધ દ્વારા આત્માને જાણ્યો તેણે આત્માને જાણ્યો. સિદ્ધમાં વિકાર નથી તેમ મારામાં વિકાર નથી. અલ્પ વિકાર પર્યાયમાં છે તે સ્વભાવમાં નથી. સિદ્ધ ભગવાન જે સમયે જેને રાગ થવાનો હોય તેને જાણે છે. તે તેના અપરાધથી થાય છે એમ જાણે છે. તેમ હું પણ જાણું છું. મારો સ્વભાવ રાગ રહિત છે. કેવળજ્ઞાની પરમાત્મા ત્રણ લોકને દેખે છે, એમ મારો આત્મા ત્રણકાળ-ત્રણલોકને દેખવાના સ્વભાવવાળો છે. પર્યાયમાં જે રાગ

થાય છે તે મારા અપરાધથી થાય છે એમ સિદ્ધ જાણે છે, કર્મને લીધે રાગ થાય છે એમ સિદ્ધ જાણતા નથી. તેમ હું પણ જાણું છું કે મારા કારણે રાગ થાય છે પણ રાગ સ્વભાવમાં નથી. આમ સિદ્ધ ભગવાનની દૃષ્ટિ કરવાથી આત્મા આત્મારૂપે જાણી શકાય છે, ને પર પરરૂપે જાણી શકાય છે. શરીર, મન, વાણી, વિકલ્પ સિદ્ધમાં નથી તો મારામાં પણ નથી. સિદ્ધ ઉપર દૃષ્ટિ દેવાથી ખ્યાલ આવ્યો કે જે રાગ મારા અપરાધથી થાય છે. તે સ્વભાવમાં નથી. આમ સિદ્ધ ઉપર નજર દેવાથી આત્માને આત્મરૂપ જાણી શકાય છે. "નમો સિદ્ધાણમ્"નો અર્થ ચાલે છે. હે પરમાત્મા ! આપ પૂર્ણાનંદ દશા એક સમયમાં પામ્યા ! મારી પર્યાયના અસ્તિત્વમાં વિકાર મારાથી છે અને જડની ક્રિયા જડથી છે એમ આપ જાણો છો. રાગ મારી દશામાં થાય છે, પણ મારા સ્વભાવમાં નથી. હું ચિદાનંદ છું–એમ શ્રદ્ધા જ્ઞાન કરવા તે ધર્મ છે. મારા આત્મા સિવાય શરીર, મન, વાણીની ક્રિયા પુદ્ગલથી થાય છે, મારાથી થતી નથી. જે રાગ થાય છે તે ચારિત્રગુણની વિપરીત અવસ્થા છે, તે બધી ઉપાધિ છે, રાગરહિત મારો સ્વભાવ છે એમ આત્મા જાણ્યો તે સમ્યગ્દર્શન છે.

આ મંગલાચરણની પ્રથમ શ્લોકમાં વાત કરે છે. મુનિ આત્મધ્યાનમાં છે, તે સમાધિની વાત કરશે. હું જ્ઞાતા દ્રષ્ટા છું. પુણ્ય પાપ, વિકાર અપરાધ છે, તેનાથી રહિત છું એમ આત્માને આત્મારૂપ જાણ્યો. સિદ્ધમાં શુદ્ધ આત્મા છે તે સ્વ છે. સિદ્ધમાં શરીર, મન, વાણી, પુણ્ય–પાપ નથી, તેથી પર છે. આમ સિદ્ધ દ્વારા સ્વ–પર જાણ્યા. સિદ્ધ ભગવાન એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે. જેવાં જે દ્રવ્યની, જે અવસ્થા થવાની છે તેને જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી, અનંતા આત્મા, અનંતા અજીવની જે અવસ્થા થવાની તે થવાની છે, તેમાં ફેરફાર નથી, તેમ સિદ્ધે દીઠું છે તે આત્મા છે. સિદ્ધમાં કેવળજ્ઞાન, કેવળસુખ, કેવળદર્શન, કેવળવીર્ય સ્વ છે ને પુણ્ય–પાપ વિકાર ગયા તે પર છે, મારો એવો આત્મા છે. આમ સિદ્ધ ભગવાનથી આત્માને આત્મારૂપ જાણ્યા ને પરને પરરૂપ જાણ્યા. સિદ્ધ આત્મા છે, હું આત્મા છું. રાગ નીકળી ગયો માટે તે મારું સ્વરૂપ નથી, મારી પર્યાયમાં અલ્પ રાગ છે તે મારા અપરાધથી છે, એમ જાણ્યું છે.

પૂજ્યપાદ સ્વામી કહે છે સિદ્ધ દ્વારા આત્મા જાણી શકાય છે. મારી પર્યાયમાં વિકાર છે, સ્વભાવમાં વિકાર નથી. હું સર્વજ્ઞ થવાને લાયક છું એમ આત્માને જાણ્યો તે સિદ્ધાત્માને નમસ્કાર કરે છે. જે દયાદાનાદિના ભાવ આદરણીય માને છે, તે રાગને નમસ્કાર કરે છે પણ સિદ્ધને નમસ્કાર કરતા નથી. સિદ્ધમાં રાગ નથી, મારામાં રાગ નથી, એવો મારો સ્વભાવ છે એમ આદર કરે તે ભગવાનને નમસ્કાર કરે છે. જે રાગને આદરણીય માને છે તે રાગનો વિનય કરે છે. દયાદાનાદિથી કલ્યાણ થશે એમ માનનાર

રાગનો વિનય કરે છે પણ રાગ રહિત સિદ્ધનો વિનય કરતા નથી. પિતાજીના શત્રુનો આદર કરનાર પિતાજીનો આદર કરતો નથી. સિદ્ધ પરમાત્મા ત્રણ કાળ ત્રણ લોકને જાણનાર છે તેણે રાગનો નાશ કર્યો છે. તેથી જે રાગનો આદર કરે છે તે સિદ્ધનો આદર કરતો નથી.

શ્રોતાઃ–આમાં દયા પાળવાની વાત શું આવી ?

પૂજ્ય ગુરુદેવઃ–પરની દયા તું પાળી શકતો નથી, પરની પર્યાય જેમ રહેવાની છે તેમ રહેવાની છે તેમ ભગવાન જાણે છે. હું પરનું રક્ષણ કરનાર નથી, જાણનાર-દેખનાર છું. જે રાગ આવે છે તેને હું જાણનાર છું. આમ જાણનાર સિદ્ધને નમસ્કાર કરે છે.

'સિદ્ધ સમાન સદા પદ મેરો '

હું જ્ઞાનાનંદ છું—એવું ભાન છે તે પરમાર્થથી પોતાનો વિનય કરે છે. આત્માને આત્મારૂપે જાણે છે ને શરીર, મન, વાણી, રાગને પર જાણે છે. આમ સ્વ–પરને સિદ્ધ દ્વાર જાણ્યા. રાગ આવે છે તે બંધનું કારણ છે. સિદ્ધ ભગવાન અબંધ સ્વભાવી છે. તેથી બંધનો આદર કરનાર સિદ્ધ ભગવાનનો આદર કરતો નથી. પુણ્ય–પાપથી બંધન થાય છે તેને ઠીક માનનાર અબંધ સ્વભાવનો આદર કરતો નથી. હું તો દયા પાળું છું, આમ રાગને ભલો માનનાર સિદ્ધને ભલા જાણતો નથી. કેવળજ્ઞાનમાં એમ દીઠું છે કે જે પ્રકારે પરની અવસ્થા થવાની હોય તેવી થાય છે, છતાં હું પરની અવસ્થા બદલાવી દઉં એમ માનનાર સિદ્ધનો વિનય કરતો નથી, કેવળજ્ઞાનને માનતો નથી. પરની ક્રિયા હું કરી શકું છું—એમ માનનાર કેવળજ્ઞાનીનો આદર કરતો નથી. સિદ્ધમાં રાગ નથી. છતાં જે રાગનો આદર કરે છે તે સિદ્ધ પરમાત્માનો અનાદર કરે છે. આ પ્રથમ કક્ષાની વાત છે. મંગલાચરણની વાત ચાલે છે. માંગલિક આચરણ કહે છે. તારો સ્વભાવ ને વિકાર શું તે કેવળજ્ઞાનીએ દીઠા છે. એક વેશધારી સાધુને કોઈપણ પૂછે ત્યારે તે એમ જવાબ આપતો કે "ભગવાને દીઠું છે તેમ થશે." સિદ્ધ ભગવાને જેમ કેવળજ્ઞાનમાં દીઠું તેમ બને છે—એવી પ્રતીતિ થઈ તેને પરમાં કર્તાબુદ્ધિ–રાગબુદ્ધિ ઊડી જાય છે. આ રીતે સિદ્ધ ભગવાન દ્વારા આત્માને આત્મારૂપ જાણીને અને પરને પરરૂપ જાણીને ભગવાનને નમસ્કાર કર્યા છે.

—૦—

* શાસ્ત્ર ભણવાનો ગુણ તો એ છે કે વસ્તુભૂત આત્માનું જ્ઞાન કરવું. જ્ઞાનમય આત્માનો અનુભવ કરવો તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે, તેને તો જાણતો નથી ને એકલા શાસ્ત્ર ભણે છે પરંતુ નિજપરમાત્માને જાણતો નથી ત્યાં સુધી કર્મબંધનથી છૂટતો નથી. દયા, દાન, પૂજા, વ્રત, તપ આદિ શુભરાગનો તો નિષેધ કર્યો પણ અહીં તો કહે છે કે એકલા શાસ્ત્ર ભણતરમાં જ રોકાઈ ગયો, બધું કંઠસ્થ કર્યું પણ તેથી શું ? —પૂજ્ય ગુરુદેવ

# બન્ને નયોને યથાર્થપણે જાણ

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

સર્વજ્ઞનો બે નયોવાળો ઉપદેશ છે. બે નયો એટલે શું ?

(૧) ત્રિકાળ શુદ્ધ ધ્રુવ આત્માને જોનારો નય તે દ્રવ્યાર્થિકનય છે, અને

(૨) ક્ષણિક વિકારી વ્યંજનપર્યાયને જોનારો તે પર્યાયાર્થિકનય છે.

આત્માના અસંખ્ય પ્રદેશ છે. તે અસંખ્ય પ્રદેશની આકૃતિ હોય છે, તેમાં ક્ષણે ક્ષણે વિભાવ વ્યંજનપર્યાય થાય છે, તે પર્યાયનયનો વિષય છે. વસ્તુસ્વરૂપની દૃષ્ટિથી જોતાં આત્મામાં વિકારી વ્યંજનપર્યાય નથી. જે વર્તમાન વિકારી આકૃતિ જેટલો જ માને અને ત્રિકાળ શુદ્ધ ચૈતન્યને ન માને તો તે એકાંત વ્યવહારમૂઢ મિથ્યાદૃષ્ટિ છે. તેમ જ ત્રિકાળ શુદ્ધ આત્મા છે એમ કહે, પણ વર્તમાન વિકારી આકૃતિ છે તેને ન માને તો પણ એકાંતવાદી મિથ્યાદૃષ્ટિ છે.

ચૈતન્યની પર્યાયમાં જડની પર્યાયનો તો અત્યંત અભાવ છે. આત્માની પર્યાયમાં વિકાર થાય છે, તે પણ એક સમયનો વિકારી અંશ છે, તે પણ પર્યાયનયનો વિષય છે, પણ અહીં માત્ર વિભાવવ્યંજન પર્યાયની વાત લીધી છે.

વિકારી વ્યંજનપર્યાય સિદ્ધને નથી તેમને તો અસંખ્ય પ્રદેશી અનંતગુણના પિંડની નિર્વિકારી પરિણતિ જ થઈ રહી છે, તેઓ સદા નિરંજન છે. માટે તેમને વિકારી વ્યંજન પર્યાય ગણવામાં આવી નથી. સ્વભાવવ્યંજનપર્યાય તો છે. સાદિ અનંત સદૃશ આકૃતિરૂપ પરિણમન તો છે, પણ વિભાવવ્યંજનપર્યાય નથી.

સૂત્રમાં તો એમ કહ્યું છે કે બધા જીવોને બે નયો છે એટલે વિભાવ વ્યંજનપર્યાય પણ બધાને છે. એ ઉપરથી હવે પ્રશ્ન પૂછે છે:

પ્રશ્ન: " જો સિદ્ધ જીવો સદા નિરંજન છે તો બધા જીવો દ્રવ્યાર્થિક તેમ જ પર્યાયાર્થિક બન્ને નયોથી સંયુક્ત છે ( અર્થાત્ બધા જીવોને બન્ને નયો લાગુ પડે છે ) એવો સૂત્રાર્થ ( ગાથાનો અર્થ ) વ્યર્થ ઠરે છે. " પર્યાયનયનો વિષય વિભાવવ્યંજનપર્યાય કહ્યો, તે પર્યાય તો સિદ્ધને નથી, તો સિદ્ધ ભગવાનને બે નયો કઈ રીતે લાગુ પડે છે ? જો બન્ને નયો સિદ્ધને લાગુ ન પડે તો તો સૂત્રનો અર્થ વ્યર્થ ઠરે છે !

ઉત્તર:–વ્યર્થ નથી ઠરતો. કારણ કે નિગમ એટલે વિકલ્પ તેમાં હોય તે નૈગમ. જે ભૂતકાળના પર્યાયને વર્તમાનવત્ સંકલ્પિત કરે ( અથવા કહે ), ભવિષ્યકાળના પર્યાયને વર્તમાનવત્ સંકલ્પિત કરે ( અથવા કહે ) અથવા કંઈક નિષ્પન્નતા યુક્ત અને કંઈક

અનિષ્પન્નતા યુક્ત વર્તમાન પર્યાયને સર્વનિષ્પન્નવત્ સંકલ્પિત કરે ( અથવા કહે ) જ્ઞાનને ( અથવા વચનને ) નૈગમનય કહે છે.

સિદ્ધભગવાનને તો અર્થપર્યાય તેમ જ વ્યંજનપર્યાય બન્ને સ્વાભાવિક છે, વર્તમાનમ તેમને વિભાવપર્યાય નથી, પણ તે સિદ્ધના આત્માને પણ પૂર્વે વિભાવવ્યંજનપર્યાય હત માટે ભૂતનૈગમનયથી સિદ્ધને પણ પર્યાયાર્થિકનય લાગુ પડે છે. પૂર્વના વિભાવવ્યંજ પર્યાયનો આરોપ કરીને સિદ્ધને વર્તમાનમાં વિભાવવ્યંજનપર્યાયનો આરોપ કરવામાં આ છે. વર્તમાનમાં તો બધી રીતે નિર્મળ જ છે; પણ પૂર્વે તેમને અશુદ્ધતા હતી, વિકા તે મારું કર્તવ્ય એમ પૂર્વે અજ્ઞાન દશા વખતે તે માનતા હતા, પછી આત્માનું ભા કરી, તેમાં એકાગ્ર થઈને શુદ્ધ સિદ્ધ દશા પ્રગટી; તેમને વર્તમાનમાં વિભાવ નથી, પણ પૂર્વની અશુદ્ધતા અને વિકારી વ્યંજનપર્યાયના ભૂતનૈગમનયથી કર્તા કહેવાય છે. એ રીતે સિદ્ધને પણ વ્યવહાર લાગુ પડે છે. પૂર્વ કાળે તે ભગવંતો સંસારી હતા, અશુદ્ધ હતા ઉદયભાવવાળા હતા; માટે ભૂતનૈગમનય વડે તેમને અશુદ્ધ કહેવાય છે.

આત્માની અશુદ્ધતા તે જ સંસાર છે, આત્માનો સંસાર બહારમાં નથી; પુણ્ય-પાપથી મને લાભ થાય, દેહની ક્રિયા હું કરું, એવી ઊંધી માન્યતા તે મિથ્યાત્વરૂપ સંસાર છે, ને તે ઊંધી માન્યતા ટળીને ચૈતન્યનું ભાન થયું ત્યાં મિથ્યાત્વનો સંસાર ટળ્યો. પછી જ અલ્પ રાગ-દ્વેષ રહે તે અસ્થિરતાનો અલ્પ સંસાર છે. તેનો પણ સ્વરૂપમાં લીનતા વડે નાશ કરીને સિદ્ધ ભગવંતો શુદ્ધ થયા; તેમને પણ પૂર્વની અશુદ્ધતાનો આરોપ કરીને પર્યાયનયે અશુદ્ધ કહેવાય છે—આ રીતે દ્રવ્યાર્થિકનયે બધા જીવો શુદ્ધ છે, ને પર્યાયાર્થિકનયે અશુદ્ધ છે—એમ બધા જીવોને બન્ને નયો લાગુ પડે છે. બે નયોના બળે સર્વે જીવે શુદ્ધ તેમ જ અશુદ્ધ છે.

પહેલા એકલી વિભાવવ્યંજનપર્યાયને પર્યાયનયમાં ગણી હતી, ને અહીં અશુદ્ધતાને પણ સાથે લઈ લીધી.

જેમ સિદ્ધ ભગવાનને વર્તમાન શુદ્ધતા હોવા છતાં ભૂતનૈગમનયે અશુદ્ધ પણ કહેવાય છે, તેમ નિગોદનો જે જીવ ત્યાંથી નીકળીને આત્મભાન કરીને મુક્ત થવાનો હોય, તે જીવ ભવિષ્યમાં શુદ્ધ થવાનો છે, તેનો આરોપ કરીને વર્તમાન પણ તેને શુદ્ધ કહી શકાય છે. વર્તમાન વિકાર હોવા છતાં ભવિષ્યની શુદ્ધતાનો વર્તમાનમાં આરોપ કરીને તેને પણ શુદ્ધ કહી શકાય છે.

સ્વભાવ દૃષ્ટિએ તો બધાય જીવો શુદ્ધ જ છે ને એવી દૃષ્ટિથી પોતાની અશુદ્ધ પર્યાય ટળીને અંશે શુદ્ધદશા પ્રગટી ને પૂર્ણ શુદ્ધતા ઊઘડવાની છે ત્યાં વર્તમાન અલ્પ વિકાર છે તેનો ભાવિનૈગમનયના બળે નિષેધ કરીને કહે છે કે હું શુદ્ધ છું અને પોતાની દૃષ્ટિના બળે કહે છે કે નિગોદના જે જીવો ભવિષ્યમાં શુદ્ધ થવાના છે તે ભાવિનૈગમનયે

વર્તમાનમાં પણ શુદ્ધ છે એમ કહેવાય છે. વર્તમાનમાં વિકારભાવનું પરિણમન હોવા છતાં તે જીવો ભાવિનૈગમનયે અત્યારે શુદ્ધ છે. અને સિદ્ધ ભગવંતોને વર્તમાનમાં વિકારનું પરિણમન ન હોવા છતાં, ભૂતનૈગમનયના બળથી તેમને વર્તમાન અશુદ્ધતા પણ કહેવાય છે.

પ્રશ્ન:–સિદ્ધના આત્માને પૂર્વની અશુદ્ધ પર્યાયપણે જોવાનું ફળ શું ?

ઉત્તર:–સિદ્ધને પૂર્વે નિગોદ પર્યાય હતી–એમ જેણે જોયું તેણે ત્રિકાળી દ્રવ્યને જોયું. સિદ્ધ અને નિગોદ બધી પર્યાયને લક્ષમાં લેતાં દ્રવ્યદૃષ્ટિ થઈ જાય છે, તે જ તેનું ફળ છે.

વિકાર એક સમયનો છે તે સ્વભાવમાં નથી. એમ બન્નેને જાણવાનું તાત્પર્ય તો દ્રવ્યદૃષ્ટિ છે. ત્રિકાળી સ્વભાવ અને ક્ષણિક વિકાર એ બન્નેને જાણ્યા ત્યાં સ્વભાવ તરફ વલણ થયા વિના રહે જ નહિ.

પર્યાયાર્થિકનય વિકારને પણ જાણે છે; પણ દ્રવ્યદૃષ્ટિમાં વિકાર છે જ નહિ. એક શુદ્ધ ચિદાનંદ આત્મા જ છે. જેણે આવા ભાનથી પોતાની પર્યાયમાં શ્રદ્ધા–જ્ઞાનની શુદ્ધતા તો કરી છે, ને ભવિષ્યમાં પૂર્ણ શુદ્ધતા કરવાનો છે, તે કહે છે કે હું શુદ્ધ છું. દ્રવ્યે તો શુદ્ધ, ને પર્યાયે પણ શુદ્ધ–એમ ભાવિનૈગમનયથી તે કહે છે. અને નિગોદનો જે આત્મા ભવિષ્યમાં મુક્તિ પામવાનો છે તે અત્યારે મુક્ત છે એમ કહીને ત્રિકાળી દ્રવ્યને જુએ છે. તે જ પ્રમાણે સિદ્ધનો આત્મા પૂર્વે સંસાર પર્યાયમાં હતો—એમ તે આત્માને પણ ત્રિકાળીપણે લક્ષમાં લ્યે છે. આ રીતે એ નયોથી બધાને જોવાનું કહ્યું છે. આ નયોના ફળમાં વીતરાગતા આવે છે.

નય કોને હોય ? સમ્યગ્જ્ઞાન થયું હોય તેને જ નય હોય—નય સમ્યક્ શ્રુતજ્ઞાનમાં જ હોય છે. જેણે ત્રિકાળી દ્રવ્ય અને પર્યાય બન્નેનું જ્ઞાન કર્યું હોય તેને જ નય હોય છે. આ નયોને જાણવાનું ફળ વીતરાગતા છે. ત્રિકાળ શુદ્ધનો આદર કરીને ક્ષણિક વિકાર પ્રત્યે ઉદાસીન થવું તે એ નયોનું ફળ છે.

એવી રીતે આચાર્યદેવ શ્રીમદ્ અમૃતચંદ્ર સૂરિએ શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ચોથા શ્લોક દ્વારા કહ્યું છે કે:—

"બન્ને નયોના વિરોધને નષ્ટ કરનારા સ્યાત પદથી અંકિત જિનવચનમાં જે પુરુષો રમે છે, તેઓ સ્વયમેવ મોહને વમી નાખીને, અનૂતન (–અનાદિ) અને કુનયના પક્ષથી નહિ ખંડિત થતી એવી ઉત્તમ પરમ જ્યોતિને–સમયસારને–શીઘ્ર દેખે છે જ."

નિશ્ચયનય કહે છે કે હું ત્રિકાળ શુદ્ધ છું. વ્યવહારનય કહે છે કે વર્તમાનમાં વિકાર પણ છે. વિકારપણે વિકાર છે ને ત્રિકાળી સ્વભાવપણે વિકાર નથી, ત્રિકાળી

સ્વભાવપણે સ્વભાવ છે, ને વિકારપણે સ્વભાવ નથી–આ રીતે અનેકાંત છે. નિશ્ચય છે કે અશુદ્ધતા નથી, વ્યવહાર કહે છે કે અશુદ્ધતા છે, પણ જિનવચનો તેનો વિરોધન કરી દે છે કે નિશ્ચયથી સ્વભાવમાં ત્રિકાળ શુદ્ધતા છે, ને પર્યાયનયથી એક સમય અશુદ્ધતા પણ છે. પણ તે અશુદ્ધતા મારા સ્વભાવમાં નથી.

નિમિત્ત છે, વ્યવહાર છે, પણ તેના આશ્રયે મારું જ્ઞાન નથી. વ્યવહાર કર કરતાં નિશ્ચય થાય—એમ માને તો તે એકાંત છે. જે જીવ શુદ્ધ સ્વભાવ અને વિકાર બન્નેને જાણીને સ્વભાવ તરફ વળે છે તે જિનવચનમાં રમે છે—એમ કહેવાય છે, અ તે જીવ સ્વયમેવ મોહને વમી નાખે છે. તેને મોહનો ઉત્પાદ જ થતો નથી, માટે તે મોહને વમી નાખ્યો તેમ કહેવાય છે.

નિશ્ચયના આશ્રયે પણ ધર્મ થાય અને વ્યવહારના આશ્રયે પણ ધર્મ થાય–એ માને તો તેણે બે નયને માન્યા નથી, તેને તો એકાંત થઈ જાય છે. પુણ્યને પુણ્ય તરી રાખે, પણ પુણ્યથી ધર્મ ન મનાવે તો તેને બન્ને નયો રહે છે.

ત્રિકાળ સ્વભાવ શુદ્ધ છે અને ક્ષણિક પર્યાયમાં વિકાર છે—એમ બે નયોથી જાણીને જે શુદ્ધ ચૈતન્યસ્વભાવ તરફ ઢળે છે તે અંદરમાં અનૂતન એટલે કે અનાદિ અને કુનયના પક્ષથી ખંડિત થતી એવી ઉત્તમ પરમ જ્યોતિને શીઘ્ર દેખે જ છે.

વળી જીવ અધિકારની આ છેલ્લી ગાથાની ટીકા ર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રીપદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છેઃ—

**[શ્લોકાર્થઃ-] જે આ બે નયોના સંબંધને નહિ ઉલ્લંઘતા થકા પરમ જિનન પાદપંકજ યુગલમાં મત્ત થયેલા ભ્રમર સમાન છે એવા જે સંતપુરુષો તેઓ શીઘ્ર સમયસારને અવશ્ય પામે છે. પૃથ્વી ઉપર પરમતના કથનથી સજ્જનોને શું ફળ છે (અર્થાત્ જગતમાં જૈનેતર દર્શનોનાં મિથ્યાકથનોથી સજ્જનોને શો લાભ છે)? ૩૬.**

વિભાવ વ્યંજનપર્યાયની જે વાત લીધી હતી તે વાત સર્વજ્ઞના માર્ગ સિવાય બીજે ક્યાંય હોય નહિ. આત્માના અસંખ્ય પ્રદેશો અને તેની વિભાવ આકૃતિ એવી વાત વીતરાગશાસન સિવાય બીજે ક્યાંય હોતી નથી. માટે ટીકાકાર કહે છે કે અહો! સર્વજ્ઞના શાસનમાં બધી પૂર્ણતા છે, તો પછી પૃથ્વી ઉપર બીજા પર મતના કથનોથી સજ્જનોને શું ફળ છે?

એકેક સમયની વિભાવપર્યાય પણ સ્વતંત્ર છે, તેને બદલે જે તેને પરાધીન મનાવે તે પણ આત્માની સ્વાધીનતાને લૂંટનારા છે. શરીરને કારણે આત્માનો તેવો આકાર થઈ જાય છે—એમ નથી, પણ આત્માના પોતાના વિભાવવ્યંજનપર્યાયની તેવી લાયકાત છે. પોતાની પર્યાય પરને લીધે માને તો તેને પર્યાયાર્થિકનય પણ રહેતો નથી.

વીતરાગના અનુયાયીઓ બે નયોના સંબંધને તોડતા નથી એટલે કે વ્યવહારને વ્યવહારપણે જાણે છે ને નિશ્ચયને નિશ્ચયપણે જાણે છે. જો વ્યવહારથી નિશ્ચય થાય એમ માને તો તેણે બે નયોને જ ન માન્યા; જિનમતના અનુયાયી બે નયોને ઉલ્લંઘતા નથી. જિનેન્દ્રદેવના ચરણકમળમાં મત્ત થયેલા ભ્રમર સમાન છે; એટલે કે વીતરાગદેવે શું કહ્યું તેનો મર્મ સમજવામાં જેઓ લીન છે તેવા સંતપુરુષો શીઘ્ર શુદ્ધ આત્માને પામી જાય છે. જેઓ વીતરાગમાર્ગને ઉલ્લંઘે છે તેઓ સંસારને ઉલ્લંઘી શકતા નથી. જિનેન્દ્રદેવે કહેલા બે નયોને જાણીને સત્પુરુષો શીઘ્ર શુદ્ધ આત્માને જરૂર પામે છે. તો પછી આવા સર્વજ્ઞદેવના શાસન સિવાય પૃથ્વી ઉપરના બીજા મિથ્યામતોનાં કથનથી સજ્જનોને શું ફળ છે? અર્થાત્ તેનાથી તો કાંઈ જ લાભ નથી. જગતમાં અનેક અભિપ્રાયો ચાલે છે તે કોઈથી ટાળ્યા ટળે એમ નથી, પોતે તેનાથી ઉદાસ થઈને પોતાના સ્વરૂપની સંભાળ કરે તો પોતે શુદ્ધ આત્માને પામી જાય. વીતરાગે કહ્યા તેવા બે નયોનું કથન જગતમાં બીજે ક્યાંય નથી. માટે બીજા કોઈની સાથે જૈન શાસનને જરાય મેળ ખાય તેમ નથી.

આ રીતે, સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇંદ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ-પ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ વિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) જીવ અધિકાર નામનો પહેલો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

—૦—

[ સુવર્ણપુરી સમાચાર પાનું ૨૯ થી ]

અમદાવાદ, રાજકોટ, ભાવનગર આદિ અનેક ગામના લગભગ ૫૦૦ થી અધિક મહેમાનો આવ્યા હતા. જિનભક્તિ–નૃત્ય આદિ પૂર્વક પ્રભાવક રીતે જિનેન્દ્રરથયાત્રા શહેરમાં ફરી હતી. ધાતકીખંડ–વિદેહક્ષેત્રના ભાવી તીર્થંકરને જિનવેદીમાં બિરાજમાન કરવાની બોલી રૂ. ૬૫૦૦૧/–, રથમહોત્સવમાં ભગવાનને બિરાજમાન કરીને બેસવાની બોલી રૂ. ૨૯૦૦૧/–, અને જિનાભિષેકના પ્રથમ કળશની બોલી રૂ. ૨૫૦૦૧/– માં આપવામાં આવી હતી. બધુ મળીને કુલ રૂ. ૨ લાખ ૭૦ હજારની આવક જામનગર જિનમંદિરને થઈ હતી. આ મંગળ અવસર પર સર્વને અત્યંત આનંદોલ્લાસ હતો; જાણે કે પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્ પધાર્યા હોય એવું લાગતું હતું. સર્વે મુમુક્ષુઓ ઉપકૃતતા ભાવભર્યા હૃદયથી કૃપાસાગર પરમ જય ગુરુદેવશ્રીના તેમ જ પૂજ્ય ભગવતી માતાના સાતિશય પુનીત પ્રભાવના પ્રતિ અહોભાવ વ્યક્ત કરતા હતા.

—૦—

[ તીવ્ર રુચિ....પાનું ૨ થી ચાલુ ]

બહારમાં સગવડતા દેખાય, પાંચ-પચીસ લાખની કમાણી દેખાય, તેને અ
સુખ માને છે, પરંતુ તે માન્યતા મિથ્યાબુદ્ધિ છે. સ્ત્રીના ભોગમાં સુખ માનવું તે પા
ને અજ્ઞાન છે. જ્ઞાની સમકિતીને—શાન્તિનાથ ચક્રવર્તીને—પણ ભોગના ભાવ નબળા
આવે છે પણ તે તેમને દુઃખરૂપ લાગે છે, તેમાં સુખબુદ્ધિ નથી. ભરત ચક્રવર્તી
સાધવા ગયા ત્યાં સેંકડો રાજકુંવરીઓ સાથે લગ્ન કર્યાં. લગ્નનો રાગ આવે છે,
અંદરમાં તે દુઃખરૂપ ને ઝેર જેવો લાગે છે. દશામાં પૂર્ણતાનો પુરુષાર્થ નથી તેથી
આવે છે, પણ તે લાગે છે કાળા નાગ જેવો. અંદર મારો નાથ અતીન્દ્રિય આનં
સાગર છે, ત્યાં આ વિકલ્પ ક્યાંથી? નબળાઈને લીધે જ્ઞાનીને આર્તધ્યાન ને રૌદ્રધ્ય
પણ થાય, પરંતુ અંતરમાં તે દુઃખરૂપ લાગે. અશુભ રાગ તો દૂર રહો પણ શુભ
પણ કલ્યાણનો માર્ગ નથી; માર્ગ તો વીતરાગભાવ છે અને તે પોતાથી જ જણાય છે

પૂર્ણાનંદના નાથની, તળમાં ભગવાન જ્ઞાયક બિરાજે છે તેની, ઊંડી અને તી
રુચિ કરે તો માર્ગ હાથ આવે. જેને આત્માના આનંદ સિવાય બીજી કોઈ રુચિ ગોઠ
નથી તેને અંતર્મુખ સૂક્ષ્મ ઉપયોગથી માર્ગ પકડાય છે. જ્ઞાનનો જે વ્યાપાર પર ત
વળે તે સ્થૂલ ઉપયોગ છે અને ભગવાન આત્માને પકડવામાં જે ઉપયોગ વળે તે સૂક્ષ
ઉપયોગ છે. ભાવ ભલે ઊંડા છે પણ એનની ભાષા તો સમજાય એવી છે.

પાતાળિયા કૂવાના પાણીની જેમ આત્માના પાતાળમાં આનંદ ભર્યો છે. બોટ
પાસે જનડા ગામે એક પાતાળ-કૂવો છે. ખૂબ ખોદ્યો, પાણી ન નીકળ્યું. થાક્યા અ
ખોદવું મૂકી દીધું. પાણી આડે પથ્થરની એક શિલા બાકી રહી ગઈ હતી. કોઈ જા
નીકળી, પાણી છે કે નહિ તે જાણવા માટે મોટો પથરો ઉપરથી ફેંક્યો, પડ તૂટી ગ
અને પાણીનો ફુવારો છૂટ્યો; અત્યારે ત્યાં અઢાર કોસ ચાલે છે. તેમ ભગવાન આત્મા
રાગની એકતાનું શલ્ય આડું પડ્યું છે. અંદર સ્વસન્મુખ થઈને તે એક વાર તોડી દે
તો માર્ગ હાથ આવે. અહા! આવો માર્ગ! આવો ઉપદેશ! વાર્તા હોય તો રસ પડે
ભાઈ સાંભળને! આ તારા ભગવાનની ભાગવત કથા છે.

અંદર પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા છે, તેની દૃષ્ટિ, જ્ઞાન ને ભાવનારૂપ કારણ
દેવું જોઈએ. રાગ ને જ્ઞાન વચ્ચે સાંધ છે, બન્ને એક થયાં નથી, અજ્ઞાની એક માને
છે. પ્રજ્ઞાછીણી વડે બંને પોતપોતાનાં નિયત લક્ષણે જુદાં પડી જાય છે, માટે કદી એક
થયાં જ નથી. તેને જુદાં પાડવા માટે તીવ્ર રુચિ અને દૃષ્ટિનું કારણ આપવું જોઈએ
કારણ આપે તો જ કાર્ય થાય.

## સુવર્ણપુરી સમાચાર :—

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીમાં, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની મંગલ છત્રછાયામાં, રાબેતા મુજબ નિયમિત ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે. સવારે જિનેન્દ્રપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર અધ્યાત્મરહસ્યપ્રકાશક ટેપ–પ્રવચન, શ્રી મોક્ષમાર્ગપ્રકાશક પર આધ્યાત્મિક શિક્ષણવર્ગ, બપોરે બ્ર. શ્રી ચંદુભાઈનું શ્રી કળશટીકા ઉપર શાસ્ત્ર વાંચન, જિનેન્દ્રભક્તિ તથા સાંજે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પરમાત્મપ્રકાશ ઉપર ભાવવાહીશૈલીયુક્ત આધ્યાત્મિક ટેપ–પ્રવચન—એ રીતે નિયમિત કાર્યક્રમ ચાલી રહ્યા છે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન શુદ્ધાત્મસાધના સહિત કુશળતાપૂર્વક બિરાજી રહ્યા છે, શારીરિક સ્વાસ્થ્ય યથાવત્ ઠીક છે. તેમના પાવન દર્શન તેમ જ તેઓની અધ્યાત્મરસભરી નિશ્ચયવ્યવહારની સંધિયુક્ત ગુરુભક્તિભીની સ્વાનુભવરસ ઝરતી અમૃતવાણીનો અનુપમ લાભ મહેમાનોને તેમજ મુમુક્ષુ સમાજને યથાસમય મળતો રહે છે.

* મુમુક્ષુસમાજના વિધાતા પરમતારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીનો છઠ્ઠો વાર્ષિક સમાધિદિન, આદરણીય પંડિતજી શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા કરાવવામાં આવેલ વૈરાગ્ય તેમ જ ભક્તિરસભીની ભાવવાહી જિનેન્દ્રપૂજા–જિનેન્દ્રભક્તિ–ગુરુભક્તિ તથા વીતરાગતત્ત્વજ્ઞાનની કલ્યાણકારી ઉપાસનાપૂર્વક, પાંચ દિવસીય ‘ધાર્મિક કાર્યક્રમ’ દ્વારા સાદગીથી ઉજવવામાં આવ્યો હતો. સમાગત અધ્યાત્મપ્રેમી વિદ્વાન સર્વશ્રી પ્રાણભાઈ કામદાર, ચીમનભાઈ મોદી, શશીકાંતભાઈ શેઠ તેમ જ ડૉ. પ્રવિણભાઈ દોશીએ આ પુણ્યાવસર પ્રસંગે ગુરુભક્તિભાવભીના તાત્ત્વિક શાસ્ત્રપ્રવચન કર્યા હતા. સ્વાનુભવમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની, પરમોપકારી સ્વાનુભવમાર્ગપ્રકાશક પૂજ્ય ગુરુદેવના અનુપમ અમેય ઉપકારોની મહિમાયુક્ત તત્ત્વચર્ચાઓનો પણ આ અવસરે ઉપસ્થિત મુમુક્ષુસમાજને અમૂલ્ય લાભ મળ્યો હતો. શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડળ વઢવાણની ભજનમંડળીએ પ્રસંગોચિત વૈરાગ્યભરી ભક્તિ વડે કૃપાસાગર ગુરુદેવ પ્રત્યે પોતાનો ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો.

* માગશર વદ આઠમ તા. ૨૪–૧૨–૮૬ના રોજ સમયસાર આદિ પરમ-અધ્યાત્મશ્રુત પ્રણેતા આચાર્યશિરોમણી ભગવત્ કુંદકુંદાચાર્યદેવનો ‘આચાર્યપદારોહણ દિન’ વિશેષ પૂજાભક્તિપૂર્વક ઉજવવામાં આવશે.

* જામનગર દિ. જૈન મુમુક્ષુમંડળે, તા. ૨૫–૧૧–૮૬ ના શુભ દિને ત્યાંના શ્રી મહાવીર સ્વામી દિ. જૈન મંદિરમાં, ‘ધાતકીખંડ–વિદેહક્ષેત્રના ભાવી તીર્થંકર ભગવાન’ની વિધિપૂર્વક પ્રતિષ્ઠિત ધાતુની પ્રતિમાં બિરાજમાન કરવાની મંગલવિધિ અતિ આનંદોલ્લાસપૂર્વક કરી હતી. મુદ્રિત નિમંત્રણપત્રિકા દ્વારા મુમુક્ષુ મહેમાનોને આમંત્રિત કર્યા હતા. સોનગઢ, મુંબઈ,

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૭ ]

## વૈરાગ્ય સમાચાર :—

* કરાંચીનિવાસી (હાલ મુંબઈ) શ્રી જયંતીલાલ રવજીભાઈ મહેતા (વર્ષ–૭૩) તા. ૮–૧૦–૮૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી શ્રી અમૃતલાલ ભુરાભાઈ શાહ (વર્ષ–૭૯) તા. ૨૩–૧૦–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સુરેન્દ્રનગરનિવાસી (હાલ–ગોરેગાંવ) શ્રી મનસુખલાલ ઉજમશી દેસાઈ (વર્ષ–૭૫) તા. ૨૫–૧૦–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* નાઈરોબીનિવાસી શ્રી જેઠાલાલભાઈ પરબત તા. ૩૧–૧૦–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈનિવાસી શ્રી અલ્કેશકુમાર દિનેશભાઈ મોદી (વર્ષ–૨૮) તા. ૫–૧૧–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ગઢડાનિવાસી (હાલ–ઘાટકોપર) શ્રી જયંતીલાલ ગોપાળજી કામદાર (વર્ષ–૬૮) તા. ૧૩–૧૧–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જૂનાગઢનિવાસી (હાલ–અંધેરી) શ્રી ગોરધનદાસ ફુલચંદ શાહના ધર્મપત્ની શ્રી ચંચળબેન (નાનીબેન) (—તે શ્રી ડૉ. પ્રવિણભાઈ દોશીના માસી) તા. ૧૫–૧૧–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વીંછીયાનિવાસી (હાલ–મુંબઈ) શ્રી રતીલાલ જીવણલાલ બોટાદરા (વર્ષ–૬૦) તા. ૧૬–૧૧–૮૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી શ્રી સમજુબહેન મોહનલાલ ગાંધી (વર્ષ–૯૨) તા. ૧૧–૧૧–૮૬ના રોજ મહેસાણા મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેમને ધર્મનો પ્રેમ તેમ જ અભ્યાસ સારો હતો, પૂજ્ય ગુરુદેવશ્રી સંપ્રદાયમાં હતા ત્યારથી તેમની અધ્યાત્મવાણીનો સમાગમ પ્રાપ્ત થયો હતો. તેમણે ઘણાં વર્ષો સુધી વઢવાણની જૈનશાળામાં અધ્યાપનકાર્ય કર્યું હતું. તેઓ, પૂજ્ય બહેનશ્રી ચંપાબેન નાનાં હતાં ત્યારથી તેમનાં પરિચયમાં હતાં. પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય બહેનશ્રી પ્રત્યે તેમને ઘણો ભક્તિભાવ હતો. સત્સમાગમનો લાભ લેવા માટે તેઓ સોનગઢ ઘણો સમય રહ્યાં હતાં.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ–અમૃતવાણીનો ઘણો લાભ લીધો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વજિજ્ઞાસુ હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલા આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં શીઘ્ર આત્મોન્નત્તિ પામો એ જ ભાવના.

—o—

## આગમ મહાસાગરનાં અણમૂલાં રત્નો

* જેમ કોઈ એક (દરિદ્ર માણસ) નિધિને પામીને પોતાના વતનમાં (ગુપ્તપણે) રહી તેના ફળને ભોગવે છે, તેમ જ્ઞાની પર જનોના સમૂહને છોડીને જ્ઞાનનિધિને ભોગવે છે.

(શ્રી કુંદકુંદ આચાર્ય, નિયમસાર, ગાથા-૧૫૭)

* હે ભગવાન્! આપ વીતરાગ છો તેથી આપને પૂજાનું કાંઈ પ્રયોજન રહ્યું નથી તથા આપ વેરભાવથી (દ્વેષબુદ્ધિથી) પણ રહિત છો તેથી નિન્દાનું પણ આપને કાંઈ પ્રયોજન રહ્યું નથી, છતાં પણ પૂજા આદિ દ્વારા થતું આપના પવિત્ર ગુણનું સ્મરણ અમારા ચિત્તને પાપરૂપ કાલિમાથી બચાવે છે. (શ્રી સમંતભદ્ર આચાર્ય, સ્વયંભૂ સ્તોત્ર, શ્લોક-૫૭)

* હે ભગવાન! સમસ્ત વસ્તુઓના સમૂહમાં આ હેય છે અને આ ઉપાદેય છે—એવું નિરૂપણ કરનાર શાસ્ત્રનો સાર તમે પરમાત્મા જ છો, બાકી બધું પરાળ (પૂળા) સમાન નિઃસાર છે.

(શ્રી પદ્મનંદી-પંચવિંશતિ, ઋષભસ્તોત્ર, શ્લોક-૫૫)

* જેમાં (-જે ખાડામાં) સંતાઈ રહેલા ક્રોધાદિ ભયંકર સર્પો દેખી શકાતા નથી એવો જે મિથ્યાત્વરૂપી ઘોર અંધકારવાળો માયારૂપી મહાન ખાડો તેનાથી ડરતા રહેવું યોગ્ય છે.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૨૧)

* પોતે કરેલા કર્મના ફળાનુબંધને સ્વયં ભોગવવા માટે તું એકલો જન્મમાં તેમ જ મૃત્યુમાં પ્રવેશે છે, બીજું કોઈ (સ્ત્રી-પુત્ર-મિત્રાદિક) સુખ-દુઃખનાં પ્રકારોમાં બિલકુલ સહાયભૂત થતું નથી; પોતાની આજીવિકા માટે (માત્ર પોતાના સ્વાર્થ માટે સ્ત્રી-પુત્ર-મિત્રાદિક) ધુતારાઓની ટોળી તને મળી છે.

(શ્રી સોમદેવ, યશસ્તિલકચંપૂ. અધિકાર બીજો, શ્લોક-૧૧૯)

—o—

## 卐 ગુરુ-આજ્ઞાનુસાર જીવન જીવવું એ જ સૌનું કર્તવ્ય છે 卐

ગુરુદેવ અદ્‌ભુત પ્રતાપી પુરુષ હતા, ભારતના ઝળહળતા સૂર્ય હતા; આપણા તારણહાર હતા. તારણહાર ચાલ્યા ગયા; ભક્તોને તારણહારના વસમા વિરહ પડ્યા. ભક્તોને તો એવા જ ભાવો હોય ને કે તારણહાર ગુરુદેવ શાશ્વત બિરાજમાન રહે! પરંતુ કુદરતના ક્રમ પ્રમાણે ગુરુદેવ દ્રવ્ય-અપેક્ષાએ શાશ્વત રહી, પર્યાય-અપેક્ષાએ દેવપર્યાય ધારણ કરી, આપણાથી ઘણા દૂર ક્ષેત્રે બિરાજી ગયા. આપણને તારણહારનાં પાવન દર્શન-સત્સંગાદિ અપ્રાપ્ય થઈ ગયાં. શું થાય? હવે, એ ઉપકારમૂર્તિને પરમ ભક્તિપૂર્વક હૃદયમાં બિરાજમાન કરી, તેમની આજ્ઞાને સદાય આગળ ને આગળ રાખી, તેમની આજ્ઞાનુસાર જીવન જીવવું એ જ સૌનું કર્તવ્ય છે. એમ કરવાથી શીઘ્ર આ બળબળતા સંસારનાં ભયંકર દુઃખોથી છૂટી શાશ્વતસુખમય અવિચળ ધામમાં આપણે અવશ્ય પહોંચી જઈશું.

—પૂજ્ય બહેનશ્રી

Licence No. 3 'Licensed to post without prepayment'

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : રૂ. ૯૦-
વાર્ષિક લવાજમ : રૂ. ૯/-
પ્રત : ૩૩૫૦

antaben M. Ajmera
Modi No 2
Sita Burdy
NAGPUR 440012